પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૬/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ-૩ વર્ષ : ૧૭ અંક : ૧૫૭


**સુવિચાર**

''સમયસરનો એક સાંધો ભવિષ્યની મોટી તિરાડમાંથી બચાવી લે છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## બગસરાનાં ઘંટિયાણમાં બાળકને ફાડી ખાધાની ઘટનાનાં અહેવાલની શાહી સુકાઈ નથી તેવા સમયે

# હદ થઈ : કોવાયામાં સિંહણે માનવ જીંદગીનો શિકાર કર્યો

**અલ્ટ્રાટેક પાવર પ્લાન્ટ સામે રેસ્ટોરન્ટમાં કામ કરતાં પ્રકાશચંદ્ર નામનાં યુવક ઉપર કર્યો હુમલો**

**સિંહણે હુમલો કરી યુવકને મોતને ઘાટ ઉતાર્યો : ઘટના સ્થળે જ ખોપડી સહિતનાં અવશેષો મળી આવ્યા**

**બનાવની જાણ થતાં વન અને પોલીસ વિભાગનાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા**

**અમરેલી જિલ્લામાં રાનીપશુઓની સંખ્યા જેમ વધે તેમ માનવ જીંદગી ઉપર જોખમ વધી રહ્યું છે**






અમરેલી, તા. ૧૬

બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે સિંહણના હુમલામાં ૭ વર્ષના બાળકના મોતની ઘટનાના પડઘા હજુ શાંત થયા નથી ત્યાં અમરેલી જિલ્લામાં માનવ અને સિંહ વચ્ચે સંઘર્ષની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં રાજુલા તાલુકાના કોવાયા ગામે સિંહણે વધુ એક માનવનો શિકાર કરતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક આવેલા અલ્ટ્રાટેક ટીપીપી પાવર પ્લાન્ટ સામે ઉત્તરાખંડના રહેવાસી અને ચાહત રેસ્ટોરન્ટમાં કામ કરતા પ્રકાશચંદ્ર નામના યુવક પર સિંહણે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલો એટલો ભયાનક હતો કે યુવકનું મોત નિપજ્યું હતું અને ઘટના સ્થળેથી તેના માત્ર ખોપડી સહિતના અવશેષો જ મળી આવ્યા હોવાનું જાણવા મળે છે. આ ઘટનાની જાણ થતાં વન વિભાગના અધિકારીઓ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. મૃતકના અવશેષો કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ બનાવની પ્રાથમિક તપાસમાં સિંહણ દ્વારા યુવકનો શિકાર કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે હુમલાખોર સિંહણની ઓળખ અને શોધખોળ માટે વિશેષ ટીમોને કામે લગાડી છે. સિંહણને

અનુસંધાન પાના ૬ ઉપર

## સિંહોનું સ્કેનિંગ કરીને ૪ સિંહ પૈકી એક સિંહને વનવિભાગે ટ્રાન્ગ્યુલાઈજ કરીને પાંજરે પૂરી દીધો

અમરેલી, તા. ૧૬

બૃહદ ગીરનો વિસ્તાર ગણાતા રાજુલા પંથકમાં સિંહોની સંખ્યામાં વધારો થયો છે અને સિંહો દ્વારા માનવ હુમલાઓ કરતા હોવાની ચોંકાવનારી ઘટનાઓ પણ ઘટે છે. ત્યારે આજે રાજુલાના કોવાયા ગામે રેસ્ટોરન્ટમાં કામ કરતો ઉતરાખંડનો પ્રકાશચંદ્ર નામના યુવકને વ્હેલી સવારે સિંહણે ફાડી ખાધો હતો અલ્ટ્રાટેક ટીપીપી પાવર પ્લાન્ટની સામે યુવક પર સિંહણે હુમલો કરીને બાજુની કાંટાળી ઝાડીમાં યુવકને ફાડી ખાધો હતો. મૃત યુવક પ્રકાશચંદ્રના માત્ર ખોપડી જેવી અવશેષો બાકી રહ્યા હતા ને યુવકને સિંહણ શિકાર કરીને ખાઈ ગયેલ હતી. ગંભીર ઘટનાની જાણ થતા વનવિભાગ અને પોલીસ ઘટના સ્થળે પહોંચ્યું હતું ને આસપાસમાં સિંહોનું સ્કેનિંગ કરીને ૪ સિંહ પરિવાર રહેતા હોવાની વિગતો મળતા જેમાંથી એક સિંહને વનવિભાગે ટ્રાન્ગ્યુલાઈજ કરીને પાંજરે પૂરી દીધો હતો જયારે અન્ય સિંહોને પકડવાની કવાયત શરૂ કરી હતી. ત્યારે સિંહોની હુમલાની ઘટનાથી સ્થાનિકોમાં રોષ હતો તો સ્થાનિક રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકીએ પણ સિંહોના માનવીઓ પર થતા હુમલાની ચિંતાઓ વ્યકત કરીને સરકારમાં રજૂઆત કરી હતી.

## સ્પીડબ્રેકર ઉપર વ્હાઈટ પટ્ટા લગાવો



અમરેલીનાં ચિતલ રોડ ઉપર નૂતન હાઈસ્કૂલ નજીક તેમજ ગોળ હોસ્પિટલ નજીક માર્ગ-મકાન વિભાગે મોટા ઉપાડે નિયમ વિરૂધ્ધ સ્પીડબ્રેકર બનાવ્યા છે. જેમાં સ્પીડબ્રેકરની ગોળાઈનાં માપને ભૂલી જવાયું છે. તો રાત્રિનાં સમયે અજાણ્યા વાહનચાલકોને દૂરથી સ્પીડબ્રેકર દેખાતું ન હોય વ્હાઈટ પટ્ટા લગાવવા માંગ થઈ રહી છે.



શ્રીરંગ સોસાયટીમાં
મકાન વેચવાનું છે
એક વસા જગ્યામાં પૂર્વ-પશ્ચિમ ખુલ્લું, બે માળનું ત્રણ રૂમ, મોટો હોલ, બે રસોડા, ત્રણ સંડાશ, ત્રણ બાથરૂમ, ગરમ પાણીની સુવિધા સાથે
કિશોરભાઈ જાની આર્કિટેકના પ્લાન & સુપર વિઝન પ્રમાણે જાતે બનાવેલું મકાન
બે ફેમિલી સ્વતંત્ર રીતે રહી શકે તેવી વ્યવસ્થા, કાર પાર્કિંગની સુવિધા, સબમર્સીબલ દાર, સોલાર પેનલ, ફર્નીચર સાથે, હવાધાર મકાન, પ્રકાશ અને હવાના પુરા વેન્ટિલેશન
ચિતલ રોડ નો વિકસિત વિસ્તાર અને ખુબ સરસ પાડોશ વચ્ચે
૨૦૧૪માં ઈમ્પેક્ટ ફી ભરી રેગ્યુલર કરેલું
SBI ની લોન મળવાપાત્ર મકાન
જાતિ બાધ નથી
સ્વચ્છ, મજબુત અને સારા લોકેશનવાળું મકાન
ભક્તિ સાધના
51 / B શ્રીરંગ સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
મકાન જોવા માટે આજે જ સંપર્ક કરો
ફોન : 94262 31449


## યુવતીનાં સગા-સંબંધી ગણાતા ૯ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ


# રાજુલાનાં ખેરા ગામનો યુવક ગામની યુવતીને ભગાડી જતાં યુવકનાં પિતાને ઢીકાપાટુનો માર માર્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાનાં ખેરા ગામે રહેતા દેવશીભાઈ પોલાભાઈ ગુજરીયા નામના ૫૦ વર્ષિય આધેડનાં દિકરા અશોકને તે જ ગામના ધીરૂભાઈ બચુભાઈ શિયાળની દિકરી કોમલ સાથે પ્રેમ સબંધ હોય જેથી બંને જણા ઘરેથી જતા રહેલ હોય જે વાતનું મનદુઃખ રાખી આરોપી ધીરૂભાઈ બચુભાઈ શિયાળ, કાળુભાઈ ભીખાભાઈ શિયાળ , પ્રદિપભાઈ રાણાભાઈ ગુજરીયા, કાનાભાઈ બચુભાઈ શિયાળનો મોટો દિકરો, ગીગાભાઈ બચુભાઈ શિયાળ નો મોટો દિકરો, જીણાભાઈ બચુભાઈ શિયાળનો નાનો દિકરા સહિતના ૯ લોકોએ મંડળી રચી ત્રણ મોટર સાઈકલમાં હિંડોરણા આધેડની

અનુસંધાન પાના ૬ ઉપર


આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ

ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,38,200/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. વિરલ વસાણી – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત – તા. ૧૮/૦૬/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય વિઠલાણી – કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત – તા. ૧૯/૦૬/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા – એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત – તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
ડો. મૈત્રેય જોષી – યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ, કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત – તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૬
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી – ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે – ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી), કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

## જિલ્લા/શહેર બ્રહ્મસમાજ, જિલ્લા/શહેર યુવા પાંખ સહિતનાં સંગઠનોમાં

# અમરેલી જિલ્લાનાં બ્રહ્મસમાજનાં હોદ્દેદારોની વરણી કરાઈ

જિલ્લા બ્રહ્મસમાજનાં પ્રમુખ તરીકે તુષાર જોષી અને જિલ્લા મહામંત્રી તરીકે તેજસ ત્રિવેદીને જવાબદારી

શહેર પ્રમુખ તરીકે ભગિરથ ત્રિવેદી, શહેર મહામંત્રી તરીકે મુકેશ તેરૈયા અને અજય પંડયાની વરણી

જિલ્લા યુવા પ્રમુખ તરીકે કનક જાની, મહામંત્રી પદે પ્રિયંક પંડયા અને વિશાલ ઠાકર

શહેર યુવા પ્રમુખ તરીકે ઉમંગ ત્રિવેદી, મહામંત્રી પદે બાબુલ ત્રિવેદી, કરણ જાનીની નિમણૂંક



અમરેલી, તા. ૧૬

સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ અને બ્રહ્મસમાજનાં અગ્રણી એડવોકેટ ઉદયન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ તરીકે તુષાર જોષીની બિનહરિફ વરણી કરવામાં આવેલ છે અને તે બાદ નીચે મુજબની ટીમોની રચના કરવામાં આવેલ છે.

જિલ્લા મહામંત્રી તેજસ ત્રિવેદી, સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ કારોબારી સભ્યો હસુદાદા જોષી-અમરેલી, કિશોરભાઈ ભટ્ટ-દામનગર તથા જિલ્લા ઉપપ્રમુખ હસુભાઈ જોષી-ધરાઈ, મુકેશભાઈ ત્રિવેદી-સાવરકુંડલા, પરાગભાઈ ત્રિવેદી-સાવરકુંડલા, ડો. મુકેશભાઈ ત્રિવેદી-લાઠી, કિશોરકુમાર પાઠક-લીલીયા, જીતુભાઈ જોષી-ધારી, લલીતભાઈ મહેતા-ચલાલા, આનંદભાઈ ભટ્ટ-ખાંભા, વિપુલભાઈ વ્યાસ-અમરેલી, રાજનભાઈ જાની-અમરેલી, આનંદાઈ ભટ્ટ-અમરેલી, સિધ્ધાર્થભાઈ ઠાકર-અમરેલી, નિલેશભાઈ જાની-અમરેલી, વેણીશંકરભાઈ ધાંધીયા-બગસરા, અશ્વિનભાઈ મહેતા-વડિયા, યોગેશભાઈ દવે-કુંકાવાવ તેમજ મંત્રી સંદિપભાઈ સી. ભટ્ટ-સાવરકુંડલા, અતુલભાઈ ત્રિવેદી-બાબરા, દુષ્યંતભાઈ ભટ્ટ-રાજુલા, ધવલભાઈ ઠાકર-અમરેલી, રશ્મીનભાઈ ત્રિવેદી-અમરેલી, ચંદ્રેશભાઈ મહેતા-અમરેલી, જયેશભાઈ ત્રિવેદી-અમરેલી, ભાવેશભાઈ બી. ત્રિવેદી-અમરેલી તેમજ કોષાધ્યક્ષ સમીરભાઈ પંડયા, સહકોષાધ્યક્ષ સંજયભાઈ જોષી, કાર્યાલય મંત્રી ઘનશ્યામદાદા જોષી, પ્રકાશભાઈ આચાર્ય તેમજ અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ પ્રમુખ કનક જાની-રાજુલા, મહામંત્રી પ્રિયંક પંડયા-અમરેલી, વિશાલ ઠાકર-અમરેલી, ઉપપ્રમુખ ચેતન રાજયગુરૂ, હરનિલ ત્રિવેદી, કિશન શિલુ, ડો. ભવનેશ ભટ્ટ, હિમાલય ઠાકર-લાઠી, સંદિપ પી. ત્રિવેદી, જયેશ મહેતા-લીલીયા, સતિષ પાંડે-સાવરકુંડલા, નિરવ ઠાકર-જાફરાબાદ, કમલેશ જોષી-બગસરા, લીરેન ઠાકર, કમલેશ ભુટક (બાવભાઈ)-કુંકાવાવ, મંત્રી જીગીશુ મહેતા, જૈમિન પાઠક-લીલીયા, મહેશ પંડયા-શાસ્ત્રી દામનગર, યજ્ઞેશ શુકલ-બાબરા, વિશ્વાસ દવે-સાવરકુંડલા, દિક્ષીત જોષી-ચલાલા, રાકેશ પંડયા-ચિતલ, રૂચિત મહેતા-ખાંભા તેમજ અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદી, મુશેકભાઈ તેરૈયા, અજયભાઈ પંડયા (એડવોકેટ), ઉપપ્રમુખ મૌલિક ઉપાધ્યાય, દિગંત ભટ્ટ, વિપુલ દવે, સાહસભાઈ ઉપાધ્યાય, ડો. નિખિલેશ જાની, બકુલભાઈ ભટ્ટ, ભાવિનભાઈ ભટ્ટ, ગોપાલભાઈ ભટ્ટ, અમરીશભાઈ રાજયગુરૂ, મંત્રી અજીતભાઈ પંડયા, ભગીરથ જોષી, આનંદભાઈ મહેતા, સંજયભાઈ પંડયા-પીજીવીસીએલ, સુનિલભાઈ રાજયગુરૂ, રાજભાઈ જાની, પરેશભાઈ જાની, ડો. પરેશ જોષી, હરેશભાઈ દવે, સહ મંત્રી નિતિનભાઈ વ્યાસ, પ્રકાશ રાજગોર, હસુભાઈ રાજયગુરૂ, રઘુભાઈ ભટ્ટ, ધર્મેન્દ્રભાઈ પંડયા (જેશીંગપરા), સમીર જાની, ખજાનચી સંજય દવે, સાહિત્ય પ્રભારી કેવલભાઈ મહેતા, ધ્યેય પંડયા, કારોબારી સભ્ય (પેટા સમવાય) કમલેશભાઈ ભટ્ટ, યોગેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ મહેતા, બિમલભાઈ ભટ્ટ, રાજુભાઈ પંડયા, મુકેશભાઈ જાની, ભાવેશભાઈ ભટ્ટ, કાંતિભાઈ પંડયા, મહેશભાઈ કપટા, મોહનભાઈ શિયાણી, કિશોરભાઈ મિશ્રા, સ્નેહલભાઈ ત્રિવેદી, હાર્દિકભાઈ જોષી, રાજેશભાઈ ભટ્ટ, ચંદુભાઈ જી. જાની તેમજ અમરેલી શહેર સમસ્ત યુવા બ્રહ્મસમાજ પ્રમુખ ઉમંગ ત્રિવેદી, મહામંત્રી બાબુલ ત્રિવેદી, કરણ જાની, ઉપપ્રમુખ ગૌરવ મહેતા, રવિ પંડયા, આકાશ જોષી, આકાશ જાની, રૂષિ જોષી, કેયુર વ્યાસ, સાગર મહેતા, મેહુલ મહેતા, ધવલ દવે, મંત્રી કૃપાલ ત્રિવેદી, અમિત જોષી, નિમિરાજ મહેતા, હાર્દિક ત્રિવેદી, હાર્દિક વ્યાસ, જીગ્નેશ જોષી, પાર્થ રાવળ, પિયુષ કનાળા, કપીલ પંડયા, કાર્તિકેય દવે, દિવ્યેશ જોષી તેમજ વરિષ્ઠ માર્ગદર્શકો ઉદયનભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી, પરેશભાઈ આચાર્ય, તનસુખભાઈ ઠાકર, મુકુંદભાઈ મહેતા, મુળશંકરદાદા તેરૈયા, એમ.જી. જોષી, ડી.જી. મહેતા, પાર્થિવભાઈ જોષી, નરૂભાઈ ત્રિવેદી, મનોજભાઈ ભટ્ટ, બકુલભાઈ પંડયા, મહેશભાઈ વ્યાસ, કિશોરદાદા દવે, આર.પી. મહેતા, નરેશભાઈ અધ્યારૂ, ડો. કિર્તિભાઈ બોરીસાગર, કિલુભાઈ શુકલ, ડી.એમ. ભટ્ટ, શરદભાઈ વ્યાસ, કિશોરભાઈ જાની, સલાહકાર સમિતિ બિપીનભાઈ જોષી, શશીકાંતભાઈ જાની, ડો. એસ.આર. દવે, ડો. નીતિનભાઈ ત્રિવેદી, ડો. સ્નેહલભાઈ પંડયા, ડો. વિનુભાઈ રાવલ, ગીરીશભાઈ દવે, રજનીદાદા ભટ્ટ, ચિરાગભાઈ ત્રિવેદી, વિજયભાઈ ત્રિવેદી, અશોકભાઈ જોષી, ડો. વિવેક જોષી, ડો. કેવલ પંડયા, ડો. જીત જોષી, સાંસ્કૃતિક અને શૈક્ષણિક સમિત : પ્રો. યોગેશભાઈ ઠાકર, ડો. અમિતભાઈ ઉપાધ્યાય, ડો. પ્રણવભાઈ વ્યાસ, સુરેશભાઈ ત્રિવેદી, દિગંતભાઈ ઉપાધ્યાય, નિલેષભાઈ પાઠક, કેતનભાઈ જોષી, રોહિતભાઈ મહેતા, પી.કે. ત્રિવેદી, આશિષભાઈ જોષી, નિલેષભાઈ જોષી, રાજુભાઈ ભટ્ટ, મનિષભાઈ ત્રિવેદી, પેઈન્ટર ડી.જી. મહેતા, જીતુભાઈ મિશ્રા, રાજુભાઈ પંચોલી, ઈલેશભાઈ ભટ્ટ, વિજયભાઈ દવે, પંકજભાઈ ઠાકર, પંકજભાઈ જોષી તેમ મહામંત્રી તેજશ ત્રિવેદીની યાદી જણાવે છે.

### મુખ્યમંત્રી સુધી ફરિયાદ પહોંચતા કાર્યવાહી

## સાવરકુંડલામાં હાથસણી માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો : માર્ગ-મકાન વિભાગે નોટિસ પાઠવી

### તટસ્થ તપાસ ન થાય તો કોર્ટમાં જવાની ચીમકી

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરના મુખ્ય અને અતિ વ્યસ્ત એવા હાથસણી રોડના બિસ્માર માર્ગ અંગે જાગૃત નાગરિક પ્રિયંક પાંધી દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય (CMO) સુધી રજૂઆતો કરવા છતાં, તંત્ર માત્ર કાગળ પર જ એકશન મોડમાં આવ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ૨૦ જેટલી સોસાયટીઓ અને ૪ ગામોને જોડતા આ મહત્વના માર્ગની કામગીરીમાં ઘોર વિલંબ અને નબળા કામને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક જાગૃત નાગરિક પ્રિયંક પાંધી દ્વારા CMOને કરવામાં આવેલી રજુઆત બાદ કાર્યપાલક ઈજનેરની કચેરી (પંચાયત માર્ગ મકાન વિભાગ, અમરેલી) દ્વારા જે ખુલાસો કરવામાં આવ્યો છે તે આશ્ચર્યજનક છે. તંત્રએ પોતે સ્વીકાર્યું છે કે નવનિર્મિત સી.સી. રોડમાં તિરાડો પડી ગઈછે. આમ છતાં, કોન્ટ્રાકટર એજન્સી સામે કોઈ કડક દંડાત્મક પગલાં લેવાને બદલે માત્ર તિરાડો રીપેર કરવા પત્ર પાઠવીને સંતોષ માની લેવામાં આવ્યો છે.

સાવરકુંડલાથી હાથસણી ગામ સુધીના આ ૭ કિલોમીટરના રસ્તામાં ડામરની કામગીરી સંપૂર્ણપણે બાકી છે. ચોમાસું હવે ગણતરીના દિવસોમાં જ આંબી જશે, ત્યારે જો તાત્કાલિક ધોરણે ડામર કામ શરૂ કરવામાં નહીં આવે તો રહીશો અને વાહનચાલકોની હાલાકીનો કોઈ પાર નહીં રહે.

સાવરકુંડલાના અન્ય તમામ મહત્વના રોડ-રસ્તાઓ બની જતા હોય, તો હાથસણી રોડ સાથે જ કેમ આવો ઓરમાયો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે ? શું અહીં રહેતા હજારો લોકો ટેક્સ ભરતા નાગરિકો નથી ? તેવા વેધક સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

આ ગંભીર અને જનહિતના મુદે જાગૃત નાગરિક પ્રિયંક પાંધી દ્વારા સ્થાનિક ધારાસભ્યને પણ સમગ્ર પરિસ્થિતિથી માહિતગાર કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા માત્ર કાગળથી જ કામ કરવામાં આવતું હોય, પણ જમીની હકીકત એ છે કે લોકો હજુ પણ ખાડા અને ધૂળની ડમરીઓ વચ્ચે જીવવા મજબૂર છે.

હવે જોવાનું એ રહે છે કે ઘોર નિદ્રામાં સૂતેલું તંત્ર ક્યારે જાગે છે અને રસ્તાનું કામ વાસ્તવિક રીતે કયારે શરૂ થાય છે. સ્થાનિક રહીશોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય અને ગુણવત્તાયુકત કામ શરૂ કરવામાં નહીં આવે, તો આ લડતને હજુ ઉચ્ચ સ્તરે લઈ જવામાં આવશે અને ન્યાય માટે કોર્ટના દરવાજા ખટખટાવતા પણ અચકાશે નહીં.

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

### શહેરીજનો અનેકવિધ સમસ્યાથી નારાજ

## દામનગરનાં ટ્રાફિકથી ધમધમતાં માર્ગ ઉપર પ્રાથમિક સુવિધાઓ વધારો

### રખડુ શ્વાન અને આખલાઓની સમસ્યા દુર કરો



દામનગર, તા. ૧૬

દામનગર શહેરનાં ધમધમતા મુખ્ય માર્ગ અને દેવ સ્થાનો તેમજ ચાર રસ્તાઓ ફંટાય છે એવા ધોરી સમા માર્ગ ઠાસા રોડ ચોકડી પર સતત ટ્રાફિકથી ધમધમતા આ સ્થળે સ્પીડ બ્રેકરો ન હોવાથી વાહનોના ટકરાવાની અને રસ્તે રઝળપાટ કરતા ાન તેમજ આખલાઓને કારણે અકસ્માતના બનાવો ઘટી રહ્યાં છે. અહીંયાથી ગારિયાધાર, પાલીતાણા, લીલીયા, સાવરકુંડલા, મહુવા, ઢસા, ગઢડા, બોટાદ, લીમડા, ભાવનગર, ઠાસા, મૂળિયાપાટ, સુવાગઢ, વિકળીયા, હડમતિયા, ભૂરખીયા હનુમાનજી મંદિર, લાઠી, અમરેલી તરફના આ માર્ગ ચોકડી પર લોકોની પ્રાથમિક સુવિધા પે એન્ડ યુઝ ટોઈલેટ ન હોવાથી ખાસ કરીને મહિલાઓ માટે તકલીફ ઊભી થાય છે. સ્થાનિક તંત્રને અને જીલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરોડો રૂપિયાનાં ખર્ચે પાકા રસ્તાઓ બનાવાય છે પરંતુ આવા જરૂરીયાતની જગ્યાઓ પર સ્પીડ બ્રેકરો બનાવાતા ન હોય અકસ્માતોના બનાવ બનતા રહે છે. અહીંથી જનતાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ પણ પસાર થતાં હોય, શું આંખ આડા કાન કરી લેતા હોય, વિકાસની વાતો વચ્ચે આવી પ્રાથમિક સુવિધાઓની પણ જરૂર હોય છે. કરોડોના વિકાસના કાર્યોને ભલે વેગ મળે પણ સ્થાનિક કક્ષાએથી પણ સત્તાધીશોએ આવા મુદાઓ ઉપર ધ્યાન અપાય તે જરૂરી હોય છે.

### વન્યપ્રાણીએ ફાડી ખાધા હોય તેવી આશંકા

## સાવરકુંડલાનાં જુના સાવર ગામેથી ગુમ થયેલ ખેડૂતનાં હાડકા મળી આવતા ચકચાર

### વનવિભાગે હાડકાની ફોરેન્સિક તપાસ આદરી



અમરેલી, તા. ૧૬

સાવરકુંડલાનાં જુના સાવર ગામેથી ગઈકાલે ગુમ થયેલ ખેડૂત દિલીપભાઈ દેસાઈનાં હાડકાઓ આજે મળી આવતા વનવિભાગે હાડકાની ફોરેન્સિક તપાસ શરૂ કરી છે.

### ૭.૫ લાખનાં મ્યુલ એકાઉન્ટ સાયબર ફ્રોડનાં ગુન્હામાં

## લાઠી : છેલ્લા છ માસથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફલો સ્કવોર્ડ

### બાબરા ખાતેથી આરોપીને હસ્તગત કરી લેવાયો

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં પોલીસ અધિક્ષક સંજય ખરાત ધ્વારા જિલ્લાનાં "ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦" અંતર્ગત ગુન્હાનાં આરોપીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય અને હાલ તા. ૧૨થી તા. ૨૧ દિન-૧૦ સુધી નાસતા-ફરતા સ્પેશ્યલ ડ્રાઈવ ચાલુ હોય. અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મળેલ કે લાઠી પોલીસ સ્ટેશનનાં બીએનએસ કલમ ૩૧૭ (૨), ૩૧૭ (૪) મુજબના ગુન્હાનાં કામે નાસતો-ફરતો આરોપી હૈદરઅલી અલીહુસૈન કપાસી (રહે. બાબરા) વાળો નાસતો-ફરતો હોય જે બાબતે તપાસ હાથ ધરી તપાસ કરતા આરોપીને તા. ૧૬નાં રોજ બાબરા ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ લાઠી પોલીસ સ્ટેશનને સોંપી આપવા તજવીજ કરેલછે.

ઝડપાયેલ આરોપીએ છ માસ પહેલા અલગ-અલગ લોકોના બેંક એકાઉન્ટ ભાડેથી અપાવી પોતાના આર્થિકફાયદા સારૂ બેંકએકાઉન્ટ સાયબર ફ્રોડનાં રૂપિયા જમા કરાવી ગુન્હો કરેલ. જે ગુન્હાનાં કામે આ આરોપીનું નામ ખુલવા પામેલ હતું.

જે બનાવમાં આરોપી આજદિન સુધી નાસતો-ફરતો હતો. બાબરા ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરેલ છે.

# સુવર્ણસંઘનાં પ્રમુખ તરીકે ચંદ્રેશ ધોળકીયાની વરણી

# અમરેલી ખાતે સુવર્ણકાર સંઘ દ્વારા સન્માન સમારોહ યોજાયો

**સુવર્ણકાર સંઘનાં પ્રમુખપદેથી નિવૃત્ત થતાં અશ્વિન પરિખનું વિશેષ સન્માન કરાયુ**

**લાઠી, બાબરા, લીલીયા, ધારી, ચલાલા, રાજુલા, સાવરકુંડલા અને દામનગરનાં સુવર્ણકાર સંઘનાં કન્વીનરોની પણ વરણી**

**સલાહકાર સમિતિમાં અશ્વિન પરિખ, નીતિનભાઈ રાજપરા, સંજય ચોકસી, કેતનભાઈ ધોળકિયા સહિતનો સમાવેશ કરાયો**

**'એકતા અમારી શકિત-પ્રગતિ અમારો ધ્યેય'નાં સૂત્ર સાથે વિવિધ આયોજનો હાથ ધરવામાં આવશે**



અમરેલી, તા. ૧૬

સુવર્ણકાર સંઘ દ્વારા રવિવાર તા. ૧૪ જૂન ૨૦૨૬નાં રોજ ભવ્ય સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૩૨૫થી વધુ સભ્યો, વેપારીઓ, કારીગરો, સમાજના અગ્રણીઓ તથા આમંત્રિતો મહેમાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સુવર્ણકાર સંઘ અમરેલીનાં પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પરીખનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે છેલ્લા દસ વર્ષ દરમિયાન સંઘના વિકાસ, એકતા અને સંગઠનને મજબૂત બનાવવા માટે આપેલા અમૂલ્ય યોગદાનને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું.

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે નિલેશભાઈ લુંભાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં સમાજમાં સંગઠનની શકિત તેમજ ચોરીના ઘરેણા સંબંધિત નિયમોની જાગૃતિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ધારીનાં અગ્રણી વેપારી પ્રવિણભાઈ ધકાણ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અમરેલી જિલ્લાનાં વિવિધ તાલુકાઓ માટે સુવર્ણકાર સંઘના કન્વીનરોની જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓ માટે સુવર્ણકાર સંઘના કન્વીનરોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધર્મેશભાઈ ભડિયાદરા-લાઠી, પરેશભાઈ પાટડિયા-બાબરા, પરિનભાઈ રાજપુરા-લીલીયા, શરદભાઈ ધકાણ-ધારી, સંગમભાઈ ધાણક-ચલાલા, સુરેશભાઈ ધ્રાગધરીયા-રાજુલા, રાજુભાઈ કાત્રોડિયા-સાવરકુંડલા, પરેશભાઈ ધોળકિયા-દામનગર.

સુવર્ણકાર સંઘની એડવાઈઝરી કમિટીમાં નીચેના આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં અશ્વિનભાઈ પરીખ, નીતિનભાઈ રાજપરા, સંજયભાઈ ચોકસી, શૈલેષભાઈ પરીખ, કેતનભાઈ ધોળકિયા, સુરેશભાઈ સાહોલીયા, નવનીતભાઈ રાજપરા.

આ પ્રસંગે સુવર્ણકાર સંઘ અમરેલીના પ્રમુખ ચંદ્રેશભાઈ ધોળકિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષ દરમિયાન સંઘ સભ્યોના પ્રશ્નોના નિરાકરણ, સરકારી યોજનાઓની જાણકારી, મોટિવેશનલ સેમિનાર, નવી જવેલરી ટેકનોલોજી અને મશીનરી ડેમો, કારીગર તાલીમ તેમજ વ્યવસાય વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ કાર્યોક્રમો યોજવામાં આવશે. તેમણે સંઘના તમામ સભ્યોને સાથે લઈને એકતા અને વિકાસના માર્ગે આગળ વધવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન સંઘના હોદેદારો, કારોબારી સભ્યો અને સમાજના આગેવાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

સુવર્ણકાર સંઘ અમરેલીની નવી કારોબારી ટીમમાં પ્રમુખ તરીકે ચંદ્રેશભાઈ ધોળકિયા, ઉપપ્રમુખ તરીકે નિલેશભાઈ ધોળકિયા, હર્ષદભાઈ કાવઠીયા અને મનીષભાઈ ભાલુ, મહામંત્રી તરીકે વિશાલભાઈ ચાપાનેરી, સહમંત્રી તરીકે શૈલેશભાઈ ધકાણ અને ભવનેશભાઈ પરીખ, ખજાનચી તરીકે કલ્પેશભાઈ ભડિયાદરા, સહખજાનચી તરીકે રજનીભાઈ પાટડિયા, મીડિયા કન્વીનર તરીકે ધર્મેન્દ્રભાઈ લલાડીયા તથા સહમીડિયા કન્વીનર તરીકે કેતનભાઈ મુંજપરા સેવા આપી રહ્યા છે.

ભારત સુવર્ણકાર સેતુ કારોબારી તરીકે નીચેના સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં જયદીપભાઈ ડોડીયા, જયદીપભાઈ ધકાણ, નિલેશભાઈ પોલરા, શ્યામભાઈ પરીખ, કેયુરભાઈ કાત્રોડિયા, અનિલભાઈ થડેશ્વર, અર્થભાઈ પરીખ, ગણેશભાઈ જાદવ, સચિનભાઈ શિંદે, કેતનભાઈ ચાપાનેરી, શૈલેશભાઈ ધોળકિયા, વિરેનભાઈ રાજપરા, જીતેનભાઈ ધોળકિયા, ચિંતનભાઈ ચરાડવા, પિયુષભાઈ વાવડિયા, ભાવિનભાઈ કોંઢીયા, હિતેશભાઈ પાનેલિયા, અમિતભાઈ ઊંડવીયા, ભાવેશભાઈ આડેસરા, હિરેનભાઈ લાઠીગરા, મિલનભાઈ ઝીંઝુવાડીયા, હાર્દિકભાઈ ઝીંઝુવાડીયા, અમિતભાઈ ઝીંઝુવાડીયા, મુસાભાઈ બંગાળી, ગોપાલભાઈ બંગાળી, વિરેન્દ્રભાઈ થડેશ્વર અને દિનેશભાઈ લુહાર.

અંતમાં ખજાનચી કલ્પેશભાઈ ભડિયાદરા દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો, સભ્યો તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

"એકતા અમારી શકિત-પ્રગતિ અમારો ધ્યેય'ના સૂત્ર સાથે સંઘ દ્વારા આગામી સમયમાં સભ્યોના હિત અને વ્યવસાયના વિકાસ માટે વિવિધ આયોજનો હાથ ધરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી.


અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર
મકાન વેચવાનું છે
અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિક્સ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : 82006 38624

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241


















### ઈરાને કહ્યું- ઈઝરાયલે લેબેનોન છોડવું પડશે

# ઈરાન-અમેરિકા શાંતિ કરારમાં ફરી ઘોંચમાં પડ્યાના સંકેત

**લેબેનોનમાં ભયાનક હુમલા કરતા ઈરાન નારાજ થઈ ગયું છે. હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે, ઈરાને કરારમાં વધુ એક માંગ કરી દીધી છે**

નવી દિલ્હી,તા.૧૬

અમેરિકા-ઈરાન યુદ્ધ ટાળવા અને શાંતિ જાળવવા માટે તૈયાર થઈ ગયા છે અને બંને દેશો ૧૯મી જૂનના રોજ સ્વિત્ઝર્લેન્ડમાં સહી સિક્કા કરવાના છે, જોકે હવે ઈઝરાયલ દ્વારા લેબેનૉન પર હુમલા થવાના કારણે આ શાંતિ કરાર પાણી ફરી જવાની સંભાવના વધી ગઈ છે. વાસ્તવમાં ઈઝરાયલે તાજેતરમાં જ લેબેનૉનમાં ભયાનક હુમલા કરતા ઈરાન નારાજ થઈ ગયું છે. હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે, ઈરાને કરારમાં વધુ એક માંગ કરી દીધી છે.

ઈરાનના ટોચના રાજદ્વારીએ કહ્યું કે, જો અમેરિકાએ યુદ્ધ ખતમ માટેનો કરાર કરવો હોય તો પહેલા લેબેનૉનમાંથી ઈઝરાયલી સેનાને હટાવવી પડશે. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ ઈરાની સરકારી ટેલિવિઝન પર મહત્ત્વનું નિવેદન જાહેર કર્યું છે. તેમણે અન્ય દેશોના રાજદ્વારીઓને કહ્યું છે કે, ઈઝરાયલે દક્ષિણ લેબેનૉન પર કરેલો કબજો અમેરિકા-ઈરાન વચ્ચે થયેલી સમજૂતીનું ઉલ્લંઘન છે.

અરાઘચીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, લેબેનૉનમાં ચાલી રહેલું યુદ્ધ પણ સંપૂર્ણ યુદ્ધ ખતમ કરવાનો મહત્ત્વનો ભાગ છે, તેથી લેબેનૉનમાં પણ યુદ્ધ ખતમ કરવું પડશે. ઈઝરાયલી સેના યુદ્ધ કરીને લેબેનૉનના કેટલા વિસ્તારોમાં કબજો જમાવ્યો છે, તેથી જ્યાં સુધી આ વિસ્તારોમાંથી સેના નહીં હટે, ત્યાં સુધી યુદ્ધ સંપૂર્ણ ખતમ થઈ ગયું હોવાનું માનવમાં નહીં આવે.'

તેમણે એમ પણ કહ્યું કે, જો ઈઝરાયલ લેબેનૉન પર વધુ હુમલા કરશે તો તેને સમજૂતીનું ઉલ્લંઘન માનવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, લેબેનૉન સમજૂતીનો ભાગ છે કે નહીં, તે અમેરિકાએ હજુ સુધી કહ્યું નથી. બીજીતરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહૂ અમેરિકા-ઈરાનની સમજૂતીથી નારાજ છે. નેતન્યાહૂએ શાંતિ કરારને ટ્રમ્પનો નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, ઈઝરાયલ પોતાની પ્રાથમિકતા મુજબ નિર્ણય લેશે અને તેઓ લેબેનૉનમાં બફર ઝોનમાં જ્યાં સુધી જરૂર જણાશે ત્યાં સુધી રહેશે.

### રામ મંદિર ટ્રસ્ટની છબી ખરડવાના પ્રયાસો થઈ રહ્યા હોવાના આક્ષેપો

# અયોધ્યા રામમંદિરના દાનમાં ગેરરીતિની તપાસ માટે SIT મંદિર પરિસરમાં પહોંચી

**તપાસના બે મુખ્ય પાસાઓ છે – ગુનાહિત તપાસ અને ભવિષ્ય માટે સુધારા, જે બંને પર ધ્યાન આપીને ભક્તોનો વિશ્વાસ જાળવી રાખવા પ્રયાસ કરાશે**

અયોધ્યા, તા.૧૬

અયોધ્યામાં રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિ અને નાણાકીય ગોટાળાના આક્ષેપો વચ્ચે તપાસ તેજ બની છે. આ સમગ્ર મામલે સત્ય બહાર લાવવા માટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) સોમવારે અયોધ્યા સ્થિત મંદિર પરિસરમાં પહોંચી હતી. રામ મંદિર ટ્રસ્ટની છબી ખરડવાના પ્રયાસો થઈ રહ્યા હોવાના આક્ષેપો અને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ વચ્ચે, ટ્રસ્ટની વિનંતીને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ તપાસના આદેશ આપ્યા હતા. આ ટીમ તપાસ કરી રિપોર્ટ સરકારને સોંપશે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ સ્પષ્ટ કર્યું છે કે તપાસમાં કોઈપણ પ્રકારની ઢીલ નહીં રખાય. તપાસના બે મુખ્ય પાસાઓ છે – ગુનાહિત તપાસ અને ભવિષ્ય માટે સુધારા, જે બંને પર ધ્યાન આપીને ભક્તોનો વિશ્વાસ જાળવી રાખવા પ્રયાસ કરાશે. આ સમગ્ર વિવાદની શરૂઆત ૭ જૂનના રોજ થઈ હતી, જ્યારે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મંદિરના દાનમાં કરોડો રૂપિયા ગાયબ હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે, મંદિર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયે તમામ આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યું હતું કે આંતરિક ઓડિટની પ્રક્રિયા ચાલુ છે અને અત્યાર સુધી કોઈ પણ ગેરરીતિ સાબિત થઈ નથી.સુલતાનપુર કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે રામ મંદિરના દાનમાં કથિત ચોરીને 'સંપૂર્ણપણે અક્ષમ્ય' ગણાવી છે. તેમણે દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. તેમણે કહ્યું કે, રામ મંદિર સાથે કરોડો લોકોની આસ્થા જોડાયેલી છે. રાજ્ય સરકારે આ ગંભીર બાબતની નોંધ લીધી છે અને સત્ય બહાર લાવવા માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે, જે આ મામલાની તપાસ કરશે.

### સરકારનો મોટો નિર્ણય

# ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો ઝીંકાયો

**પેટ્રોલિયમ ઉત્પાદનો પર લાગતા આ ટેક્સ રેટ્સ કાયમી હોતા નથી, પરંતુ દર ૧૫ દિવસે તેની કડક સમીક્ષા કરવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલિયમ ઉત્પાદનોના નિકાસ પર લેવાતા ટેક્સ (એક્સપોર્ટ ડ્યુટી)માં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF એટલે કે વિમાનમાં વપરાતું ઈંધણ) પર લાગતી એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આ નવીનતમ ફેરફાર આજથી એટલે કે 16 જૂન 2026થી જ અમલી બની ગયો છે.સરકારના નવા નિર્ણય અનુસાર, હવેથી ડીઝલની નિકાસ પર પ્રતિ લિટર 14 રૂપિયા સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) વસૂલવામાં આવશે. આ સાથે જ, વિમાન ઈંધણ એટલે કે ATFની નિકાસ પર પ્રતિ લિટર 12.5 રૂપિયા SAED ચૂકવવી પડશે. જો કે, પેટ્રોલની નિકાસ પરના ટેક્સમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટ્રોલનો એક્સપોર્ટ રેટ પહેલાની જેમ જ પ્રતિ લિટર 1.5 રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે.આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે સૌથી પહેલા 27 માર્ચ, 2026ના રોજ આ નિકાસ શુલ્ક લાગુ કર્યું હતું. વાસ્તવમાં, પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)માં ચાલી રહેલી કટોકટીના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની માંગ તેમજ કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો હતો. આવી સ્થિતિમાં રિફાઈનરી કંપનીઓ માટે સ્થાનિક બજારમાં ઈંધણ વેચવા કરતાં વિદેશમાં નિકાસ કરવું વધુ નફાકારક સાબિત થઈ રહ્યું હતું. આથી, રિફાઈનરી કંપનીઓ નફાની લાલચમાં માત્ર નિકાસને જ પ્રાથમિકતા ન આપે અને દેશની અંદર પેટ્રોલ, ડીઝલ કે ATFની અછત ઊભી ન થાય તે હેતુથી સરકારે આ પ્રતિબંધાત્મક પગલું ભર્યું છે.પેટ્રોલિયમ ઉત્પાદનો પર લાગતા આ ટેક્સ રેટ્સ કાયમી હોતા નથી, પરંતુ દર 15 દિવસે તેની કડક સમીક્ષા કરવામાં આવે છે. આ વખતે જાહેર કરાયેલા નવા રેટ્સ પણ છેલ્લા પખવાડિયા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સરેરાશ ભાવોને આધારે નક્કી કરવામાં આવ્યા છે. આ પૂર્વે છેલ્લે 1 જૂન, 2026ના રોજ આ રેટ્સમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.આ નિર્ણયથી સામાન્ય નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે આ ફેરફાર માત્ર વિદેશમાં મોકલવામાં આવતા (નિકાસ થતા) ઈંધણ પર જ લાગુ પડે છે. દેશના ઘરેલું બજારમાં વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ થાય કે તમારા શહેરના પેટ્રોલ પંપ પર મળતા ઈંધણના ભાવો પર આ નિર્ણયની કોઈ જ અસર નહીં થાય અને કિંમતો સ્થિર રહેશે.

### ફુડ વિભાગે કુલ રૂ.૫૮ હજારના જથ્થાનો નાશ કર્યો

# મહેસાણા પાસેની ફેક્ટરીમાંથી ખરાબ કેરી, ઠંડા પીણા ઝડપાયા

**પેઢીમાંથી મેન્ગો મિલ્ક શેક અને પેપ્સીના નમુના લઈને પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યા**

મહેસાણા, તા.૧૬

મહેસાણા ફૂડ વિભાગની ટીમે શોભાસણની સીમમાં હેબુવા રોડ પર આવેલી કેરી રસ બનાવતી એક ફેક્ટરીમાં ઓચિંતી તપાસ કરતાં વાસ મારતી કેરીનો શંકાસ્પદ જથ્થો, કલરયુક્ત મેન્ગો મિલ્ક શેક તથા કલરયુક્ત પેપ્સી મળી આવતાં કુલ રૂ.૫૮,૧૦૦ કિંમતના જથ્થાનો નાશ કરી મેન્ગો મિલ્ક શેક તથા પેપ્સીના નમુના લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.ઉનાળાની સિઝનમાં વિવિધ પ્રસંગોમાં તેમજ ઘરે પણ લોકો તૈયાર કેરીરસ આરોગતા હોય છે ત્યારે મહેસાણા જિલ્લા ફૂડ અધિકારી વી.જે.ચૌધરીએ સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર જે.જે.પ્રજાપતિ અને ફૂડ સેફ્ટી ઓફિસર યુ.એચ.રાવલ સહિતની ટીમ સાથે સોમવારે બાતમીના આધારે મહેસાણાના શોભાસણ ગામની સીમમાં હેબુવા રોડ પર આવેલા મે. સકર ડેરી પ્રોડક્ટ (નરેન્દ્રભાઈ પટેલ)માં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. અધિકારીઓની તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી વાસ મારતી સડેલી કેરીનો શંકાસ્પદ જથ્થો, કલરયુક્ત મેન્ગો મિલ્ક શેક તથા કલરયુક્ત પેપ્સીનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારીઓએ મેન્ગો મિલ્કશેક અને પેપ્સીનો નમૂનો લઈને પૃથક્કરણ માટે મોકલવાની તજવીજ કરી હતી. તેમજ સડેલી કેરીમાંથી કોઈ પ્રોડક્ટ બનાવીને બજારમાં જાય તે પહેલાં ૯૯૦ કિલો સડેલી કેરી (કિં.રૂ.૨૦,૪૦૦), કલરયુક્ત શંકાસ્પદ મેન્ગો મિલ્ક શેક ૧૭૦ કિલો (કિં.રૂ.૨૯,૭૦૦) તેમજ ઓરેન્જ કલરની ૧૨૦ લિટર પેપ્સી (કિં.રૂ.૮,૦૦૦) મળીને કુલ રૂ.૫૮,૧૦૦ કિંમતના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હોવાનું ડેઝીગ્નેટેડ ઓફિસર વી.જે.ચૌધરીએ જણાવ્યું હતું. પેઢીમાંથી મેન્ગો મિલ્ક શેક અને પેપ્સીના નમુના લઈને પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યા છે, જેનો અહેવાલ આવ્યા બાદ આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ હાલ આ પેઢીને નોટિસ આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### ખાનગી કોચિંગના મટીરિયલમાંથી સવાલો પૂછાયાનો દાવો

# NEET બાદ હવે UPSC પેપર લીકની આશંકા

**એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડે યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં ગેરરીતિ અને પેપર લીકની આશંકા વ્યક્ત કરી છે**

નવી દિલ્હી,તા.૧૬

સંઘ લોક સેવા આયોગ (UPSC) પ્રિલિમ્સ ૨૦૨૬નું પરિણામ સોમવારે રાત્રે જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામની સાથે જ યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬ને લઈને નવો વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) દ્વારા યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં કથિત ગેરરીતિ અને પેપર લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. દેશમાં ચાલી રહેલા NEET પેપર લીક વિવાદની વચ્ચે હવે યુપીએસસી પ્રિલિમ્સને લઈને નવો હોબાળો મચી ગયો છે. એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડે યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં ગેરરીતિ અને પેપર લીકની આશંકા વ્યક્ત કરી છે. જાખડે આ અંગે એનએસયુઆઈના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેમણે આરોપ લગાવતા કહ્યું કે, '૨૪ મેના રોજ યોજાયેલી પ્રિલિમ્સ પરીક્ષા આપનારા કેટલાક ઉમેદવારો એનએસયુઆઈ ઓફિસે આવ્યા હતા, જેમણે પ્રિલિમ્સનું પેપર લીક થયું હોવાની શંકા વ્યક્ત કરી છે. તેઓએ દાવો કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬ની પરીક્ષામાં પૂછાયેલા ૧૦૦ માંથી ૮૨ સવાલો એક ખાનગી કોચિંગ સંસ્થા 'અનંતમ IAS' દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટડી મટીરિયલ સાથે મેળ ખાય છે.એનએસયુઆઈ ના રાષ્ટ્રીય અધ્યક્ષ જાખડે એવો પણ આક્ષેપ કર્યો છે કે, યુપીએસસી પ્રિલિમ્સ ૨૦૨૬માં પૂછાયેલા ઘણા સવાલો માત્ર ખાનગી કોચિંગ સંસ્થાના સ્ટડી મટીરિયલને મળતા આવતા હતા એટલું જ નહીં, પરંતુ તે સવાલોની ભાષા અને તેની રજૂઆત પણ બિલકુલ તેના જેવી જ હતી. જાખડે આ ખાનગી કોચિંગ સંસ્થા પર મિલીભગતનો આરોપ લગાવ્યો છે. જાખડે આક્ષેપ કર્યો કે, યુપીએસસી પ્રિલિમ્સની પરીક્ષા પૂરી થયા પછી આ ખાનગી કોચિંગ સંસ્થા દ્વારા સંબંધિત સ્ટડી મટીરિયલમાં ફેરફાર કરવામાં આવ્યા હતા અને મટીરિયલ સાથે જોડાયેલી તારીખોમાં પણ કથિત રીતે હેરફેર કરવામાં આવી હતી.

એનએસયુઆઈ દ્વારા આ સમગ્ર મામલે યુપીએસસીને એક પત્ર પણ લખવામાં આવ્યો છે, જેમાં આ બાબતની પારદર્શક તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે. એનએસયુઆઈ એ આ મુદ્દે યુપીએસસી પાસે સ્પષ્ટતા અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. બીજી તરફ, આ સમગ્ર વિવાદ અને પેપર લીકની આશંકાઓ અંગે યુપીએસસી તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

### ખેડૂતો બાદ શિક્ષકો મેદાને

# TET પરીક્ષાના વિરોધમાં રાજ્યભરમાં આંદોલનની જાહેરાત

**આ સમગ્ર આંદોલનનું મૂળ કારણ સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકોની યોગ્યતા અંગે આપવામાં આવેલો તાજેતરનો ચુકાદો છે**

અમદાવાદ,તા.૧૬

ખેડૂતોના વિરોધ પ્રદર્શન બાદ હવે ગુજરાતમાં શિક્ષકોએ પણ પોતાની માંગણીઓ સંતોષવા માટે રાજયવ્યાપી આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ સહિતના વિવિધ શૈક્ષિક સંગઠનોના નિર્ણય અનુસાર, ૧૭ જૂનથી ૨૦ જૂન સુધી રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષક મંડળ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પણ કલેક્ટર કચેરીઓ ખાતે એકઠા થશે. શિક્ષકો ત્યાં ૩ કલાક સુધી ધરણાં પર બેસીને પોતાનો રોષ વ્યક્ત કરશે અને ત્યારબાદ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરશે.

આ સમગ્ર આંદોલનનું મૂળ કારણ સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકોની યોગ્યતા અંગે આપવામાં આવેલો તાજેતરનો ચુકાદો છે. સર્વોચ્ચ અદાલતે આદેશ કર્યો છે કે શિક્ષણ વ્યવસાય સાથે સંકળાયેલા જે શિક્ષકોની નોકરીના ૫ વર્ષથી વધુનો સમયગાળો બાકી હોય, તેમણે નોકરીમાં ચાલુ રહેવા તેમજ બઢતી મેળવવા માટે TET પાસ કરવી ફરજિયાત રહેશે. જો શિક્ષકો આ નિયમનું પાલન નહીં કરે, તો તેમણે રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે, કોર્ટે માત્ર એવા જ શિક્ષકોને રાહત આપી છે જેમની નોકરીના ૫ વર્ષ કરતાં ઓછો સમય બાકી છે.

સુપ્રીમ કોર્ટના આ નવા નિયમના કારણે વર્ષ ૨૦૧૦ પહેલાં નોકરીમાં જોડાયેલા અંદાજે ૧ લાખ જેટલા શિક્ષકોની રોજગારી પર સીધું સંકટ તોળાઈ રહ્યું છે. શિક્ષક સંઘોનો સખત વિરોધ એ વાત પર છે કે વર્ષ ૨૦૧૦ પહેલાં જ્યારે આ શિક્ષકોની ભરતી થઈ હતી, ત્યારે TET અંગેનો કોઈ નિયમ અસ્તિત્વમાં ન હતો અને તેમની નિમણૂક તે સમયના પ્રવર્તમાન સરકારી નિયમો અનુસાર જ કાયદેસર રીતે કરવામાં આવી હતી.તેથી, આટલા વર્ષોનો બહોળો અનુભવ ધરાવતા શિક્ષકોને ફરીથી પરીક્ષા આપવા માટે મજબૂર કરવાને બદલે, વર્ષ ૨૦૧૦ પહેલાના તમામ શિક્ષકોને TET માંથી કાયમી મુક્તિ આપવામાં આવે તેવી માંગ સાથે આવતીકાલથી આંદોલન છેડવામાં આવ્યું છે.

### સરકારનો મોટો નિર્ણય

# ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે કફ સિરપ

**આરોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલું આ પગલું દવાના વ્યવસાયમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટું પરિવર્તન સાબિત થશે**

નવી દિલ્હી,તા.૧૬

ભારતમાં કફ સિરપના વધતા જતા ગેરકાયદેસર વેચાણ અને તેના કારણે થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમોને રોકવા માટે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. હવેથી, કોઈપણ પ્રકારનું કફ સિરપ ડૉક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના મેડિકલ સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેશે નહીં. સરકારના આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોની સલામતી સુનિશ્ચિત કરવાનો અને દવાઓના દુરુપયોગને અટકાવવાનો છે.કેન્દ્રીય મંત્રાલયે 'ડ્રગ્સ (પાંચમો સુધારો) નિયમો, ૨૦૨૬' બહાર પાડ્યા છે. આ સુધારા અંતર્ગત 'શેડ્યૂલ K' માંથી 'સિરપ' શબ્દને દૂર કરવામાં આવ્યો છે, જેનો સ્પષ્ટ અર્થ એ છે કે હવે કોઈપણ સિરપ ઓવર-ધ-કાઉન્ટર (OTC) વેચી શકાશે નહીં. જો કોઈ મેડિકલ સ્ટોર સંચાલક પ્રિસ્ક્રિપ્શન વગર સિરપનું વેચાણ કરતા પકડાશે, તો તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને તેમનું લાયસન્સ પણ રદ કરી દેવામાં આવશે.

તાજેતરના સમયમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં કફ સિરપના સેવનથી બાળકોના મૃત્યુના દુખદ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ ઘટનાઓએ સમગ્ર દેશમાં ચિંતા જગાવી હતી. આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવના નેતૃત્વમાં દેશભરના ૨૦૦થી વધુ આરોગ્ય અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે દવાઓની ગુણવત્તા અને વેચાણમાં કોઈપણ સ્તરે બેદરકારી સહન કરવામાં આવશે નહીં.આગામી સમયમાં, દેશભરની ફાર્માસ્યુટિકલ ફેક્ટરીઓ અને દવાના સ્ટોર્સનું સઘન નિરીક્ષણ કરવામાં આવશે. સરકાર દરેક સ્તરે જવાબદારી નક્કી કરી રહી છે જેથી ભેળસેળયુક્ત કે અનધિકૃત દવાઓ બજાર સુધી ન પહોંચે. આ નવા આદેશ બાદ તમામ રાજ્યોના આરોગ્ય વિભાગોને કડક સૂચનાઓ આપવામાં આવી છે કે તેઓ તેમના વિસ્તારમાં આ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવે.આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને થોડી અગવડતા પડી શકે છે, પરંતુ જાહેર આરોગ્યના હિતમાં અને ખાસ કરીને બાળકોના જીવ બચાવવા માટે આ એક અનિવાર્ય પગલું માનવામાં આવે છે.

આરોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલું આ પગલું દવાના વ્યવસાયમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટું પરિવર્તન સાબિત થશે. હવે લોકોએ દવા ખરીદતા પહેલા ડૉક્ટરની સલાહ લેવી અનિવાર્ય બની જશે, જે સુરક્ષિત આરોગ્ય માટે અત્યંત જરૂરી છે.

# દ્વારકાના ગોમતી ઘાટ પર ભારે કરંટઃ બે વ્યક્તિઓ તણાયા

**સ્થાનિક લોકો દ્વારા ગોમતી ઘાટ પર આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને પાણીમાં ઉતરતી વખતે વિશેષ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી**

દ્વારકા, તા.૧૬

દ્વારકાના પ્રસિદ્ધ ગોમતી ઘાટ ખાતે આજે પાણીના ભારે કરંટમાં બે વ્યક્તિઓ તણાઈ જતા ક્ષણિક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બંને વ્યક્તિઓ જીવ બચાવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે આસપાસ હાજર લોકોએ સમયસૂચકતા દાખવી તેમનો જીવ બચાવ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, ગોમતી ઘાટ નજીક પાણીના અચાનક વધેલા કરંટમાં બંને વ્યક્તિઓ ખેંચાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ઘાટ પર હાજર લોકો મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ કપડાં અને અન્ય ઉપલબ્ધ સાધનોની મદદથી બંને વ્યક્તિઓ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. ભારે જહેમત અને કસોટી બાદ બંનેને સુરક્ષિત રીતે બહાર ખેંચી લેવામાં સફળતા મળી હતી.ઘટનામાં બંને વ્યક્તિઓનો આબાદ બચાવ થતાં રાહતનો શ્વાસ લેવાયો હતો. જોકે, પાણીના ભારે કરંટને કારણે થોડા સમય માટે ત્યાં હાજર લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.આ સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર કેટલાક લોકોએ પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધો હતો. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ઘટનાની વ્યાપક ચર્ચા શરૂ થઈ છે.સ્થાનિક લોકો દ્વારા ગોમતી ઘાટ પર આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને પાણીમાં ઉતરતી વખતે વિશેષ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. ભારે કરંટ કે જોખમી સ્થિતિ દરમિયાન પાણીમાં ન ઉતરવું અને સુરક્ષા સૂચનાઓનું પાલન કરવું જરૂરી હોવાનું પણ જણાવાયું છે.

### કોંગ્રેસને તૈયારી માટે ઓછો સમય આપવાનો માસ્ટર પ્લાન

# UP-પંજાબ સહિત ૪ રાજ્યોમાં સમય પહેલાં યોજાઈ શકે છે વિધાનસભા ચૂંટણી

નવી દિલ્હી,તા.૧૬

ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ અને ગોવા જેવા મહત્ત્વના રાજ્યોમાં ચૂંટણીની તૈયારીઓ તેજ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. દેશમાં યોજાનારી આગામી વસ્તીગણતરી સાથે તારીખોનો કોઈ ટકરાવ ન થાય તે માટે આ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી નિર્ધારિત સમય કરતાં થોડા અઠવાડિયા વહેલી યોજાઈ શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ સ્થિતિ વચ્ચે ભાજપ નેતૃત્વ એક્શન મોડમાં આવી ગયું છે અને તમામ રાજ્યોના કોર ગ્રુપને અત્યારથી જ પ્રચાર અને રણનીતિ પર કામ શરૂ કરવા કહી દેવાયું છે.ફેબ્રુઆરી ૨૦૨૭માં દેશભરમાં વસ્તીગણતરીના બીજા તબક્કાની શરૂઆત થવા જઈ રહી છે. આ તબક્કામાં જાતિગત વસ્તીગણતરી માટે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને પ્રજનન દર સંબંધિત મહત્ત્વના આંકડાઓ એકત્રિત કરવામાં આવશે. ચૂંટણી અને વસ્તીગણતરી બંને ખૂબ જ વિશાળ પ્રક્રિયાઓ છે અને તેમાં મોટા પાયે સરકારી કર્મચારીઓ તથા સંસાધનોની જરૂર પડે છે. મોટેભાગે બંને કામોમાં એક જ સ્ટાફ ફરજ બજાવતો હોવાથી વહીવટી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

આ જ વહીવટી તકલીફોથી બચવા માટે ઉત્તર પ્રદેશ, ગોવા અને પંજાબમાં ચૂંટણી થોડા અઠવાડિયા વહેલી યોજવાનું આયોજન હોઈ શકે છે. બીજી તરફ, ઉત્તરાખંડ ભાજપ ઈચ્છે છે કે ત્યાં ચૂંટણી હજુ થોડી વધુ વહેલી કરાવી લેવામાં આવે. આ સિવાય આગામી વર્ષની શરૂઆતમાં મણિપુરમાં પણ ચૂંટણી થવાની છે, જ્યાંની વર્તમાન સ્થિતિ અને તણાવ પર હાઈકમાન્ડ બારીકાઈથી નજર રાખી રહ્યું છે.

પાર્ટીના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુસાર, ભાજપ પશ્ચિમ બંગાળની તાજેતરની ચૂંટણીમાં મળેલી શાનદાર જીતના વાતાવરણનો સીધો લાભ લેવા માંગે છે. પક્ષના મોટાભાગના નેતાઓનું માનવું છે કે પશ્ચિમ બંગાળમાં મળેલી આ જીત પાછળ 'હિંદુ ધ્રુવીકરણ' એક મુખ્ય પરિબળ રહ્યું હતું. ભાજપને આશા છે કે આ જ ફેક્ટર ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ પક્ષને મોટો ફાયદો કરાવી શકે છે. આ જ કારણે તમામ પ્રદેશ એકમોને આ વિજયી લય જાળવી રાખવા માટે સખત મહેનત કરવા સૂચના આપવામાં આવી છે.

ઉત્તર પ્રદેશને બાદ કરતાં બાકીના ચૂંટણી રાજ્યોમાં કોંગ્રેસ હજુ પણ ભાજપ સામે મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઊભી છે. ભાજપના સૂત્રો માને છે કે દક્ષિણ ભારતના તાજેતરના રાજકીય ઘટનાક્રમોથી કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ આવ્યો છે. જો ચૂંટણી વહેલી યોજાય, તો વિપક્ષી પક્ષોને ચૂંટણી પ્રચાર અને રણનીતિ ઘડવા માટે બહુ ઓછો સમય મળશે, જેનો સીધો ફાયદો ભાજપને મળી શકે છે.

તમિલનાડુમાં પણ કોંગ્રેસે જોસેફ વિજયની પાર્ટી TVK સાથે મળીને સરકાર બનાવી છે. આ ઉપરાંત કર્ણાટકમાં સત્તાનું સુચારુ પરિવર્તન કરીને સિદ્ધારમૈયાની જગ્યાએ ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. આ તમામ મજબૂત સ્થિતિને કારણે કોંગ્રેસ નવા ગઠબંધન કરવા માટે વધુ ઉત્સાહમાં છે, તેથી ભાજપ નેતૃત્વ વિપક્ષના આ પડકારને બિલકુલ હળવાશથી લેવા માંગતું નથી.

આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ પંજાબના એક કાર્યક્રમ દરમિયાન આશંકા વ્યક્ત કરી હતી કે રાજ્યમાં ચૂંટણી સમય કરતાં વહેલી એટલે કે નવેમ્બર મહિનામાં જ યોજાઈ શકે છે. જોકે, વર્ષ ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં વહેલી ચૂંટણી કરાવવાના કારણે થયેલા નુકસાનના ઈતિહાસને જોતાં ભાજપ સામાન્ય રીતે આવા નિર્ણયોથી બચે છે. પરંતુ પંજાબ ભાજપના એક નેતાના જણાવ્યા મુજબ, વસ્તીગણતરી અને વહીવટી કારણોને જોતાં ચૂંટણી થોડી વહેલી ઠેલાઈ શકે છે. આથી કેન્દ્રીય નેતૃત્વએ સ્પષ્ટ વિજયના લક્ષ્ય સાથે તમામ સ્તરે તૈયાર રહેવા આદેશ આપ્યા છે.

### અધિક માસનાં અંતિમ દિવસે ઉત્તમકાર્ય

# સાવરકુંડલા : મહિલા ઉત્થાન મંડળ દ્વારા શરબત, ઠંડી છાશ અને જ્ઞાન સામયિકનુ વિતરણ

## રાહદારીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં આવેલ મહિલા ઉત્થાન મંડળ દ્વારા પવિત્ર અધિક માસની દર્શ અમાવસ્યા (અમાસ)ના પાવન અવસરે સાવરકુંડલા શહેરમાં એક ભવ્ય અને પ્રેરણાદાયી સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળની બહેનો દ્વારા આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત રાહદારીઓને શીતળતા આપવા માટે શરબત અને છાશ વિતરણ કરવામાં આવ્યું હતું, જેને સ્થાનિક જનતાએ ખુબ બિરદાવ્યું હતું. ભેદભાવ વગર હજારો રાહદારીઓએ તૃપ્તિનો અહેસાસ કર્યો.

શહેરના હાર્દ સમાન રિધ્ધિસિધ્ધિનાથ મહાદેવ મંદિર ચોક ખાતે આ પુણ્યશાળી કાર્યક્રમ યોજાયો હતો. હાલ જયેષ્ઠ માસના વાદળછાંયા વાતાવરણ અને વરસાદી ઉકળાટને કારણે અસહ્ય ગરમી પડી રહી છે, ત્યારે વટેમાર્ગુઓ માટે આ આયોજન આશીર્વાદરૂપ સાબિત થયું હતું. મંડળ ની બહેનોએ ખાસ કુદરતી નિકાલ તરીકે કેશુડાના ફૂલોના અર્કમાંથી તૈયાર કરેલું ખાસ આયુર્વેદિક શરબત અને ઠંડી–અમૃત જેવી છાશનું વિતરણ કર્યું હતું. કોઈપણ જાતના નાત–જાત કે વર્ગના ભેદભાવ વિના તમામ જ્ઞાતિના રાહદારીઓએ બહોળી સંખ્યામાં આ પ્રસાદનો લાભ લઈ ગરમીમાં રાહત મેળવી હતી.

સંસ્થા દ્વારા માત્ર શારીરિક તૃપ્તિ જ નહીં, પરંતુ લોકોની જ્ઞાન પિપાસા (જીજ્ઞાસા) સંતોષવા માટે અનોખો પ્રયાસ કરાયો હતો. શરબત–છાશની સાથે સાથે ઉચ્ચ વિચારોના સિંચન માટે 'ઋષિ પ્રસાદ' સામયિક (મેગેઝિન) અને કેલેન્ડરનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આધ્યાત્મિક અને સામાજિક જ્ઞાન આપતા આ પુસ્તકો મેળવીને લોકોએ ખુશી વ્યક્ત કરી હતી.

આ સમગ્ર આયોજનને સફળ અને વ્યવસ્થિત બનાવવા માટે સેવાભાવી અગ્રણીઓ ધ્રુવિત ચુડાસમા તથા શ્રીમતી શીતલબેન ચુડાસમાએ તનતોડ મહેનત અને ભારે જહેમત ઉઠાવી હતી. તેમની આગેવાની અને મહિલા મંડળની બહેનોના અથાક પરિશ્રમને કારણે આખો કાર્યક્રમ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

સાવરકુંડલાની જનતાએ મહિલા ઉત્થાન મંડળની બહેનોના આ ભગીરથ કાર્યને મુકતકંઠે વખાણ્યું હતું. સમાજ સેવાના આવા નિઃસ્વાર્થ કાર્યો થકી સમાજમાં માનવતા, પરોપકાર અને પરમાર્થની સુંદર ભાવનાનો સંદેશ પ્રસરે છે, જે અન્ય સામાજિક સંસ્થાઓ માટે પણ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ અને પ્રેરણારૂપ બન્યું છે. એમ રવિ જોષીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### શ્વાનની ઓળખ માણસો કરતાં વધુ સરળ બનશે

# અમદાવાદમાં હવે માણસો સાથે શ્વાનની પણ ગણતરી થશે

## AMCના જ આંકડા કહે છે કે છેલ્લા ૭ વર્ષમાં ૧ લાખ ૯૯ હજારથી વધુ શ્વાનનું ખસીકરણ અને સ્ટેરિલાઈઝેશન કરવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં હવે માણસો સાથે શ્વાનની પણ ગણતરી થશે. AMCએ ૨૮ લાખ રૂપિયાના ખર્ચે ડોગ સેન્સસ શરૂ કર્યું છે.દરેક શ્વાનને યુનિક આઈડી મળશે.માઈક્રોચિપ લાગશે અને તેનો આખો બાયોડેટા એપમાં જોવા મળશે.પરંતુ બીજી તરફ માત્ર એક જ મહિનામાં ૭ હજારથી વધુ લોકો રખડતા શ્વાનના કરડવાના શિકાર બન્યા છે.એટલે સવાલ એ છે કે શહેરમાં લોકો વધુ સુરક્ષિત બનશે કે પછી શ્વાન વધુ અપડેટેડ બનશે?

અમદાવાદમાં કદાચ હવે શ્વાનની ઓળખ માણસો કરતાં વધુ સરળ બની જશે કારણ કે AMCએ શહેરના દરેક રખડતા શ્વાનનો ડેટાબેઝ બનાવવાની તૈયારી શરૂ કરી છે.૨૮ લાખ રૂપિયાના ખર્ચે ડોગ સેન્સસ શરૂ કરાયું છે. રખડતા શ્વાન ક્યાં રહે છે ? ક્યારે જન્મ્યા હશે ? સ્ટેરિલાઈઝ થયો છે કે નહીં ? તેની પણ ફાઈલ તૈયાર થશે. જે લોકોને દરરોજ ગલીના નાકે શ્વાન દોડાવે છે તેમની સુરક્ષાની ફાઈલ હજુ પણ અધૂરી જ છે.AMC પાંચ વોર્ડમાં પાયલોટ સર્વેમાં ૬ હજાર ૬૪૦ શ્વાન મળી આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે વર્ષોથી સ્ટેરિલાઈઝેશનની કામગીરી ચાલે છે છતાં છતાં સંખ્યા હજુ પણ ચિંતાજનક છે.

AMCના જ આંકડા કહે છે કે છેલ્લા ૭ વર્ષમાં ૧ લાખ ૯૯ હજારથી વધુ શ્વાનનું ખસીકરણ અને સ્ટેરિલાઈઝેશન કરવામાં આવ્યું છે.તેના પાછળ ૧૯ કરોડથી વધુનો ખર્ચ પણ થયો છે.પણ સવાલ એ છે કે જો આટલી મોટી કામગીરી સફળ રહી હોય તો ડોગ બાઈટના કેસ કેમ નથી ઘટતા? હવે વાત કરીએ સૌથી ચોંકાવનારા આંકડાની. માત્ર એપ્રિલ-૨૦૨૬માં શહેરમાં ૮ હજાર ૬૧૯ એનિમલ બાઈટના કેસ નોંધાયા છે.જેમાં ૭ હજાર ૪૨૩ કેસ માત્ર રખડતા શ્વાનના છે.એટલે દરરોજ સરેરાશ ૨૪૭ લોકો રખડતા શ્વાનના હુમલાનો ભોગ બન્યા છે. મતલબ કે શહેરમાં ડોગ બાઈટ હવે અકસ્માત નહીં પરંતુ રોજિંદી ઘટના બની ગઈ છે.

બીજી તરફ કોંગ્રેસે ડોગ સેન્સસ અને ખસીકરણને લઈને ગંભીર આક્ષેપ મનપા પર લગાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ કહ્યું હતું કે, સર્વેક્ષણનાં નામે ખેલ ચાલે છે. લાખો રૂપિયા તેની પાછળ વાપરવામાં આવ્યા છે. ખસીકરણ માટે કરોડો રૂપિયા વાપરવામાં આવ્યા છતાં પણ ડોગ બાઈટનાં કિસ્સા ઘટયા નથી પરંતુ તેમાં વધારો થયો છે. ત્યારે મનપા આ અંગે ગંભીર બને અને નાગરિકોને સુરક્ષિત હોવાનો અનુભવ કરાવે. ઉલ્લેખનીય છે કે, એક તરફ શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ યથાવત છે તો બીજી તરફ ખસીકરણ માટે કરોડો રૂપિયાના આંધણ થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૯-૨૦માં રખડતા કૂતરાનો આંકડો ૨ લાખ ૧૦ હજાર જેટલો હતો જેના ૮ વર્ષ બાદ પણ તમામ શ્વાનને ખસીકરણ કરવામાં તંત્ર સફળ નથી થયું ત્યારે તંત્ર કેવી રીતે આ ત્રાસથી શહેરીજનોને મુક્તિ અપાવશે.

### સાંસદ ભરત સુતરીયાએ રજુઆત કરવી જોઈએ

# અમદાવાદથી વાયા બોટાદથી વેરાવળ વંદે ભારત ટ્રેનમાં અમરેલી જિલ્લામાં સ્ટોપ આપો

## વડિયા, ચિત્તલ સહિતનાં સ્ટેશને સ્ટોપ આપવો જોઈએ



વડિયા, તા. ૧૬

સમગ્ર દેશમાં સૌથી સસ્તી અને સુલભ પરિવહન સેવા એ ભારતીય રેલ્વે આપી રહી છે. અમરેલી જિલ્લામાંથી જેતલસર ઢસા રેલ્વે ટ્રેક પસાર થાય છે. જે ઘણા સમયથી મીટરગેજ રેલ્વે ટ્રેક માથી બ્રોડગેજ રેલ્વે ટ્રેકમાં રૂપાતરીત કરવામાં આવ્યો છે. આ રેલ્વે ટ્રેકના ઉદઘાટન સમયે અને વેરાવળ –બનારસ વીકલી ટ્રેનના ઉદઘાટન સમયે તત્કાલિન સાંસદ નારણ કાછડીયાએ ડેઈલી સુરત અમદાવાદની ટ્રેન અને વંદે ભારત ટ્રેન આ રૂટ પર શરૂ કરવાનાં વચનો આપ્યા હતા. સમયાંતરે અમરેલી સાંસદ તરીકે ભરત સુતરીયા ચૂંટાયા બાદ કોઈ નવી ટ્રેન મળી ના હતી તેથી લોકોમાં નારાજગી હતી. પરંતુ અમરેલી સાંસદની ઉચ્ચ કક્ષા સુધી થયેલી રજુવાતોની જાણે અસર પડી હોય તેમ સાબરમતી (અમદાવાદ ) થી વેરાવળની વંદે ભારત ટ્રેનનો રૂટ બદલી ને હવે નવા ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ઢસા, જૂનાગઢ રૂટ પરથી પસાર થશે તેવો નિર્ણય રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવ્યો હોવાનો એક પત્ર સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. આ બાબતે તપાસ કરતા આ પત્ર સાચો હોવાનું જાણવા મળી રહ્યું છે. પરંતુ એ પત્રમાં વંદે ભારત ટ્રેનનો એક પણ સ્ટોપ અમરેલી જિલ્લાના સ્ટેશન પર આપવામાં આવ્યો નથી તેવુ દેખાઈ રહ્યું છે જો એ લેટર મુજબ જ ટ્રેન સ્ટોપ કરવાની હોય તો અમરેલી જિલ્લાના લોકોને ભારોભાર અન્યાય થયો હોવાનું સામે આવી રહ્યું છે. અમરેલી જિલ્લાના લાઠી, ચિત્તલ, કુંકાવાવ, વડિયા જેવા મોટા સ્ટેશનો આવેલાં છે તો આ ટ્રેનનો લાભ આ સ્ટેશનો ઉપર મળવો જોઈએ એ સ્વાભાવિક છે. અમરેલી જિલ્લાના આ તમામ સ્ટેશનોમાં વડિયાએ અમરેલી જિલ્લાનું છેવાડાનું તાલુકા મથક છે. સાથે વડિયા, કુંકાવાવ, ભેસાણ, જેતપુર, ગોંડલ, સહિતના તાલુકાના લોકો માટે વડિયા રેલ્વે સ્ટેશન મધ્ય સેન્ટરમાં પડે છે જેથી અહીંથી લાંબા અંતરની ટ્રેનો માટે આ વિસ્તારના લોકોને લાભ મળી શકે એમ છે. ત્યારે વંદે ભારત આ જેતલસર ઢસા રૂટ પર આવનાર ટૂંકા સમયમાં શરૂ થવા જઈ રહી છે ત્યારે અમરેલી જિલ્લાના વડિયામાં તેનો સ્ટોપ આપવામાં આવે જેથી અમદાવાદ અને સોમનાથ જવા માટે આ વિસ્તારના લોકોને લાભ મળી શકે આ બાબતે વડિયા વિસ્તારના લોકો વર્તમાન સાંસદ કે જેને વડિયા વિસ્તારના લોકોએ ખોબલે ખોબલે મત આપીને જંગી લીડ થી જીત અપાવી છે તેમની પાસેથી વંદે ભારત ટ્રેનના સ્ટોપની આશા રાખીને બેઠા છે. હવે જોવાનુંએ રહ્યું કે આવનાર સમયમાં અમરેલી જિલ્લામાં કેટલા સ્ટોપ આ ટ્રેનને મળે છે અને વડિયાને સ્ટોપ અપાવવા અમરેલી સંસદ ભરત સુતરીયા આગળ આવે છે કે કેમ તે તો આવનારો સમય જ બતાવશે.

### ૩૦ જૂન સુધી આ ફીચર કામ નહીં કરે

# NEETની પરીક્ષા ન થાય ત્યાં સુધી ભારતમાં ટેલિગ્રામ પર પ્રતિબંધ

## આ ફીચરનો દુરુપયોગ કરીને નકલી 'પેપર લીક' થયાનો ખોટો ભ્રમ ઊભો કરતા હતા

નવી દિલ્હી,તા.૧૬

પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓ રોકવા કેન્દ્ર સરકારે કડક પગલું ભરીને દેશભરમાં ટેલિગ્રામ (Telegram) એપ પર ૨૨ જૂન, ૨૦૨૬ સુધી હંગામી પ્રતિબંધ મૂક્યો છે. આગામી ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાનારી NEET (UG) ૨૦૨૬ની પુનઃપરીક્ષાને સુરક્ષિત રાખવા અને નકલખોરીનું નેટવર્ક તોડવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ ભલામણ કરી હતી. આ ભલામણના આધારે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે આ મોટો નિર્ણય લીધો છે, જેને NTA દ્વારા પણ આવકારવામાં આવ્યો છે.નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) દ્વારા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ 69A હેઠળ મળેલી કટોકટીની સત્તાઓનો ઉપયોગ કરીને આ પ્લેટફોર્મ પર કડક અને સમયબદ્ધ નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારના નવા આદેશ અનુસાર, ભારતમાં ટેલિગ્રામ પર ૩૦ જૂન, ૨૦૨૬ સુધી જૂના મેસેજ સુધારવાનું (એડિટ કરવાનું) ફીચર બંધ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી નકલખોરી કરતા તત્વો અને ચીટિંગ રેકેટ્સ પરીક્ષા પૂરી થયા પછી આ ફીચરનો દુરુપયોગ કરીને નકલી 'પેપર લીક' થયાનો ખોટો ભ્રમ ઊભો કરતા હતા.આ છેતરપિંડી અંતર્ગત ટેલિગ્રામ ચેનલના એડમિન અગાઉ મોકલેલા કોઈ સામાન્ય મેસેજને એડિટ કરીને તેની અંદર ઓરિજિનલ પ્રશ્નપત્રની PDF ફાઈલ અપલોડ કરી દેતા હતા. આ પ્રક્રિયામાં મેસેજનો અસલી સમય (ટાઈમ સ્ટેમ્પ) બદલાતો ન હોવાથી મેસેજ જૂનો જ દેખાતો હતો. પરીક્ષા પૂરી થયા પછી આ એડિટ કરેલી ચેટને સોશિયલ મીડિયા પર વાઈરલ કરીને એવો જૂઠો દાવો કરાતો હતો કે પેપર પરીક્ષા પહેલાં જ લીક થઈ ગયું હતું. સરકારના આ કડક પગલાના કારણે હવે સોશિયલ મીડિયા પર આ પ્રકારે અફવાઓ અને જુઠ્ઠાણાં ફેલાવવાનો રસ્તો બંધ થઈ જશે.NTAના જણાવ્યા અનુસાર, પેપર લીક કરનારા શંકાસ્પદ ચેનલો પર એક પછી એક સખત કાર્યવાહી કરવા છતાં પણ જ્યારે ખતરો પૂરેપૂરો ટળ્યો નહીં, ત્યારે છેવટે આખા પ્લેટફોર્મ પર જ અસ્થાયી પ્રતિબંધ મૂકવો પડ્યો છે. ટેલિગ્રામ પર 'પેપર લીક' અને 'રી-એક્ઝામ ૨૦૨૬' જેવા ભ્રામક નામો ધરાવતી ચેનલો બનાવીને ઉમેદવારો પાસેથી નકલી પેપરના નામે હજારો અને લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા હતા. NTAના જણાવ્યા અનુસાર, આ પ્રતિબંધથી એપ્લિકેશનનો સાચો ઉપયોગ કરનારા સામાન્ય લોકોને થોડી મુશ્કેલી પડશે, પરંતુ પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે આ નિર્ણય માત્ર પરીક્ષા પૂરી થાય ત્યાં સુધી જ લેવાયો છે. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે ૨૧ જૂન. ૨૦૨૬ના રોજ લેવાનારી NEETની પુનઃપરીક્ષા તેના નક્કી કરેલા સમયે જ યોજાશે, તેથી વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયાની અફવાઓથી દૂર રહીને માત્ર NTAની સત્તાવાર વેબસાઈટ પર આપેલી માહિતી પર જ ભરોસો રાખવો.

### કરોડો રૂપિયાની કિંમતી મિલ્કતમાં ગંદકી યોગ્ય ન કહેવાય

# દામનગરમાં આવેલ વિવિધ સરકારી કચેરીમાં 'સ્વચ્છતા અભિયાન' કરવું જરૂરી

## પાલિકાના શાસકો આળશ ખંખેરે તેવી માંગ



દામનગર, તા. ૧૬

જયારે દામનગર શહેરની મધ્યમાં આવેલ જુનું પોલીસ સ્ટેશન, નાયબ મામલતદાર કચેરી, અને ગ્રામ પંચાયત કચેરીની જગ્યા છેલ્લા કેટલાક સમયથી ઉકરડા કેન્દ્ર બની ગયું છે. આ જુના પોલીસ સ્ટેશનની અંદરના ભાગોમાં કચરાના થર જોવા મળે છે, બારી બારણા લોખંડ અદ્રશ્ય છે. તેમજ જુની નાયબ મામલતદાર કચેરીના નીચેના ભાગોમાં અસહ્ય દુર્ગંધ મારતી ગંદકી ફેલાયેલી છે. નીચે રાખેલ કચરા પેટીમાં ઠલવાતા કચરાને ગાય માતા ખાતી જોવા મળે છે. આ ઈમારતની આસપાસ બેદરકારી ને કારણે લોકોને અહીંથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. અહીંયા એવું લાગે છે કે નગરપાલિકા સંસ્થા છે તો આવી હાલત કેમ છે, તે સવાલ છે. સંસદ સભ્ય અને ધારાસભ્ય આ જગ્યાની મુલાકાત લઈ નિરીક્ષણ કરશે તો ખ્યાલ આવશે કે સ્વચ્છતા અભિયાન કેવું અને કેટલું છે....!!

# લાઠીનાં હિરાણા ખાતે ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં જન કલ્યાણ શિબિર યોજાઈ



અમરેલી, તા. ૧૬

લાઠી તાલુકાના હિરાણા ગામ ખાતે ચાવંડ જિલ્લા પંચાયત બેઠક વિસ્તારને આવરી લેતી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનહિતલક્ષી કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રાજય સરકાર દ્વારા પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે આ જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ નાગરિકોની અરજીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આરોગ્ય, સામાજિક ન્યાય, કૃષિ, પશુપાલન, શિક્ષણ, આવાસ, પાણી પુરવઠા તેમજ અન્ય વિવિધ વિભાગોની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સરકારની અનેક યોજનાઓનો લાભ દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચે તે માટે કાર્યકરો અને અધિકારીઓએ સંકલન સાથે કામગીરી કરવી જરૂરી છે. તેમણે ઉપસ્થિત નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો અને રજૂઆતો રજૂ કરી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ સ્થળ પર જ માર્ગદર્શન આપી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યક્રમ દરમિયાન લોકોએ સરકારની જન કલ્યાણકારી નીતિઓ અને વિકાસલક્ષી અભિગમને આવકાર્યો હતો.

આ તકે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, ભાજપ સંગઠનના કાર્યકર્તાઓ અને આગેવાનો, વિવિધ ગામોના સરપંચઓ, સરકારી અધિકારીઓ તેમજ હિરાણા અને આસપાસના ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.જન કલ્યાણ શિબિરના સફળ આયોજનથી હિરાણા સહિત સમગ્ર ચાવંડ જિલ્લા પંચાયત બેઠક વિસ્તારમાં વિકાસ અને જન સેવાને વધુ વેગ મળ્યો હોવાનું ઉપસ્થિત આગેવાનો દ્વારા જણાવાયું હતું. સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના પ્રયાસોને આ પ્રકારની શિબિરો વધુ મજબૂત બનાવે છે અને લોકો તથા તંત્ર વચ્ચેનો સંપર્ક પણ વધુ સુદ્રઢ બને છે.

# ડિજિટલ યુગમાં ખોવાતી બાળપણની માસૂમિયત શિશુ સંભાળ હવે સ્નેહ અને ધૈર્યની કસોટી

સાવરકુંડલા, તા. ૧૬

આજના આધુનિક, ગતિશીલ અને અતિ વ્યસ્ત ડિજિટલ યુગમાં શિશુ સંભાળએ માત્ર એક દૈનિક જવાબદારી નથી રહી, પરંતુ એક અત્યંત જટિલ પ્રક્રિયા બની ગઈ છે. આ એક એવી સાધના છે જે વાલીઓ પાસે અપાર કૂનેહ, ધૈર્ય, પ્રેમ અને સમર્પણ માંગી લે છે. એક સમય હતો જયારે બાળકના હાથમાં માટીના રમકડાં, રસ્તા પરથી વીણેલા પથ્થરો, કોલ્ડ ડ્રિંકના ખાલી ઢાંકણાં અને દાદીમાએ કપડાના ડૂચામાંથી વ્હાલપૂર્વક બનાવેલી ઢીંગલી શોભતા હતા. આજે આ બધું જ કયાંક લુપ્ત થઈ ગયું છે અને તેની જગ્યા મોબાઈલ કેટેબ્લેટની નિર્જીવ સ્ક્રીને લઈ લીધી છે.કોઈ વ્હાલી વસ્તુ કે માંગ માટે રિસાઈ જવું, અને ધમપછાડા કરીને પણ પોતાની વાત મનાવવી. આમ જોતાં ''હઠ'' કરવીએ દરેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે. આપણી ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસમાં બાળહઠના અદભુત ઉદાહરણો જોવા મળે છે. ખુદ ભગવાન કૃષ્ણએ માતા યશોદા પાસે આકાશના ચંદ્રને રમકડા તરીકે મેળવવાની હઠ કરી હતી, તો બાળ હનુમાનજીએ તો સૂર્યને જ ફળ સમજીને પકડી લાવવાની હઠ કરીને આખી સૃષ્ટિને આશ્ચર્યમાં મૂકી દીધી હતી. આપણા લોકજીવનમાં પણ ''બાળહઠ, રાજહઠ અને સ્ત્રીહઠ'' ને સર્વોપરી ગણવામાં આવી છે. બાળક જયારે હઠ કરે છે ત્યારે તે વાસ્તવમાં પોતાની લાગણીઓ અને અધિકાર પ્રગટ કરતું હોય છે, પરંતુ આજના સમયમાં આ માસૂમ હઠને સાંભળવાનો સમય પણ વાલીઓ પાસે ખૂટતો જાય છે.બાળક માટે ઘરની અંદર માતા–પિતા અને દાદા–દાદીની હૂંફ જેટલી જરૂરી છે, તેટલું જ જરૂરી બહાર બાળ–ગોઠિયા (મિત્રો) સાથે રમવું, ભમવું અને ઝગડવું છે. મિત્રો સાથે કિટ્ટા થઈ જવું અને પળવારમાં બધા મતભેદો ભૂલીને ફરી પાછા અબોલા તોડીને એક થઈ જવું. આ નિર્દોષતા બાળકના સામાજિક અને માનસિક વિકાસ માટે અનિવાર્ય હતી. મોટે–મોટેથી ગવાતા બાળગીતો, જોડકણાં, ઘર–ઘરની રમત અને તેમાં પપ્પા–મમ્મી કે દાદા–દાદીના રોલ ભજવવાનીએ મજા હવે વિસરાઈ રહી છે. ચોમાસામાં વહેતા પાણીમાં છબછબિયાં કરવા, કાગળની હોડીઓ તરાવવી, ગારાની માટી ખૂંદવી અને પ્રકૃતિના અંશો જેવા કે મોર, બિલાડી, ખિસકોલી કે કૂતરા પાછળ દોટ મૂકવી એ બાળકના સાહજિક આનંદના સ્ત્રોત હતા, જે હવે ચાર દીવાલો વચ્ચે કેદ થઈ ગયા છે.ઓફિસની ફાઈલોમાં અટવાયેલું વાલીપણું આજના શિશુઓ પોતાના માતા–પિતા પાસેથી કોઈ મોંઘા ગેજેટસ નહીં, પરંતુ અગાધ પ્રેમ અને સમયની અપેક્ષા રાખે છે. પરંતુ કમનસીબે, આ વ્હાલ અને સમય ઓફિસની ફાઈલો, લેપટોપ અને કરિયરની દોડમાં લુપ્ત થતા જણાય છે. બાળકો આખું અઠવાડિયું જે રવિવારની આતુરતાથી અને બેસબ્રીથી રાહ જોતા હોય છે, તે દિવસે પણ પરિવાર તરફથી તેમને ઈચ્છે એટલો સમય મળી શકતો નથી.પરિણામે, બાળક એકલતા અનુભવે છે અને પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે. તે પોતાની એક અલગ જ કાલ્પનિક દુનિયા રચી લે છે, જેમાં પરીઓ, બોલતા પ્રાણીઓ, ભવ્ય મહેલો અને નિર્દોષ આનંદ હોય છે. જો આપણે આપણા બાળકોને આ કાલ્પનિક એકલતામાંથી બહાર લાવી સાચો આનંદ આપવો હોય, તો તેમને આપણી પરંપરાગત હૂંફ અને સમય આપવો જ પડશે.

### ''૧૨ વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના''

# અમરેલી જિલ્લામાં આજથી જનકલ્યાણ શિબિરોનો પ્રારંભ થયો

## નાગરિકોને ઘરઆંગણે મળશે સરકારી યોજનાઓનો લાભ

અમરેલી, તા. ૧૬

કેન્દ્ર સરકારના ''૧૨ વર્ષ વિકાસ, વિાસ અને જનકલ્યાણના'' ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં આગામી તા. ૧૬ જૂનથી જનકલ્યાણ શિબિરોનો પ્રારંભ થશે. આ વિશેષ શિબિરોનો મુખ્ય ઉદેશ્ય નાગરિકોને વહીવટી તંત્રના માધ્યમથી પોતાના ઘરઆંગણે જ વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાનો છે. જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ ખાતે નિયત તારીખો અને સમયે આ જનકલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ ખાતે યોજાનાર શિબિરોનું સમયપત્રક મુજબ યોજાશે. દામનગર નગરપાલિકા : તા. ૧૫/૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. જાફરાબાદ નગરપાલિકાઃ તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. ચલાલા નગરપાલિકાઃ તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. રાજુલા નગરપાલિકાઃ તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. બગસરા નગરપાલિકાઃ તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. સાવરકુંડલા નગરપાલિકાઃ તા. ૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. લાઠી નગરપાલિકા : તા. ૧૭/૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી. બાબરા નગરપાલિકાઃ તા. ૧૮/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી. ધારી નગરપાલિકા : તા. ૧૯/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી જનકલ્યાણ શિબિરોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સંબંધિત વિસ્તારના નાગરિકોને આ જનકલ્યાણ શિબિરોનો બહોળી સંખ્યામાં લાભ લેવા અને સરકારી યોજનાઓની પ્રક્રિયાઓ ઘરઆંગણે સરળતાથી પૂર્ણ કરવા અનુરોધ છે.

# અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ૧.૨૨ કરોડના સાયબર ફ્રોડના ગુનામાં નાસતા ફરતા આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં ઓપરેશન મ્યુલ હન્ટ–૨.૦ અન્વયે દાખલ થયેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨)(એ), ૫૪ મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આવેલ છે.

આ બનાવની વિગત મુજબ સુરતના કતારગામમાં રહેતા અને મુળ ભાવનગર જિલ્લાના ગોરસ ગામના વતની અજીત સામતભાઈ પરમાર નામના આરોપી તથા સહ આરોપીએ પૂર્વ આયોજીત ગુન્હાહિત કાવતરૂ રચી અમરેલી જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ લોકોને લોન અપાવવાની કે ઉછીના રૂપિયા આપવાની લોભ લાલચ આપી, તેઓના ઓનલાઈન બેંક ખાતા ખોલાવી, આ બેંક ખાતાની વિગતો કીટ તથા લીંક મોબાઈલ નંબરનું સીમકાર્ડ મેળવી લઈ, પોતાના આર્થિક લાભ મેળવવા સારૂ ગત તા. ૪/૪/૨૫ થી ૧૫/૭/૨૫ સુધીના સમયગાળા દરમિયાન બેંક ખાતાઓમાં અલગ અલગ રાજયમાં અલગ અલગ એમ.ઓ.થી થતી સાયબર ક્રાઈમ છેતરપીંડીના કુલ રૂપિયા ૧,૨૨,૪૭,૦૯૮ જમા કરાવી, તે આ નાણા અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી તેમજ એ.ટી.એમ. ચેકથી વિડ્રોલ કરી કરાવી સગેવગે કરી, આર્થિક લાભ મેળવી ગુનો કરેલ હોય, જે અંગે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં મુજબ ગુનો નોંધાયેલ હતો. આ ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આવેલ છે.

### નવનિયુક્ત પ્રમુખ રમેશ પરવાડીયા એક્શન મોડમાં

# બાબરા પાલિકામાં જનલક્ષી કાર્યોનો ઝડપથી નિકાલ કરવા સુચના અપાઈ

## તમામ વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓની બેઠકમાં નિર્દેશ

બાબરા, તા.૧૬

બાબરા નગરપાલિકાના એક કર્મચારી એસીબીની લપેટમાં આવતા સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયાએ તાત્કાલિક એકશન મોડ અપનાવ્યો હતો. શહેરની જનતાનો નગરપાલિકા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બને અને વહીવટી કામગીરી પારદર્શક રીતે ચાલે તે હેતુથી નગરપાલિકાના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓની વિશેષ બેઠક બોલાવવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બેઠકમાં પ્રમુખ રમેશભાઈ પરવાડીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કોઈપણ કર્મચારી નિયમ વિરૂદ્ધનું કાર્ય કરશે નહીં અને દરેક અરજદારના કામનો સમય મર્યાદામાં નિકાલ થાય તેની ખાસ કાળજી રાખવામાં આવે. તેમણે તમામ કર્મચારીઓને કચેરીના નિર્ધારિત સમયનું પાલન કરવા, સમયસર હાજર રહેવા અને શહેરના નાગરિકોને અનાવશ્યક ધક્કા ન ખાવા પડે તે માટે જવાબદારીપૂર્વક ફરજ બજાવવાની તાકીદ કરી હતી.

પ્રમુખએ જણાવ્યું હતું કે શહેરનો એકપણ નાગરિક પોતાના હક્કના અને સાચા કામ માટે નગરપાલિકાના દાદરા ઘસવા મજબૂર ન થવો જોઈએ. જનતાની સમસ્યાઓને સંવેદનશીલતાપૂર્વક સાંભળી ઝડપી ઉકેલ લાવવો એ દરેક કર્મચારીની ફરજ છે.

આ બેઠકમાં કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા સહિત પાણી પુરવઠા,વેરા શાખા,લાઈટ વિભાગ,ભૂગર્ભ ગટર,બાંધકામ વિભાગ, સફાઈ તેમજ અન્ય શાખાઓના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં પ્રમુખ રમેશભાઈ પરવાડીયાએ બાબરા શહેરની જનતાને પણ જાહેર અનુરોધ કરતા જણાવ્યું હતું કે જો નગરપાલિકામાં કોઈ કર્મચારી દ્વારા લાંચની માંગણી કરવામાં આવે, કામમાં બિનજરૂરી વિલંબ કરવામાં આવે અથવા નાગરિકોને હેરાન કરવામાં આવે તો વિના સંકોચે સીધો તેમનો સંપર્ક કરવા આગળ આવે. નગરપાલિકામાં સ્વચ્છ, પારદર્શક અને જનકેન્દ્રિત વહીવટ જળવાઈ રહે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે તેવી તેમણે ખાતરી આપી હતી.

નગરપાલિકા પ્રમુખ દ્વારા લેવામાં આવેલી આ પહેલને શહેરના જવાબદાર અને પારદર્શક વહીવટ તરફના મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહી છે.

### શિક્ષકોને 'ટેટ'ની પરીક્ષામાંથી કાયમી મુકિત આપવાની માંગ સાથે

# અમરેલી ખાતે આવતીકાલે મહાસંઘ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવશે

## બપોરનાં ૩થી ૫ ધરણા અને બાદમાં આવેદનપત્ર પાઠવશે

અમરેલી, તા. ૧૬

વર્ષ–૨૦૧૦ પહેલા નિયુકત થયેલ શિક્ષકોને કાયદાકીય અને જાતિગત સંરક્ષણ પ્રદાન કરવા અમરેલી જિલ્લાના શિક્ષક મહાસંઘ દ્વારા ગુરૂવારે બપોરે ૩ થી ૫ જિલ્લા કલેકટર કચેરી સામે ધરણા અને બાદમાં જિલ્લા કલેકટર પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવશે.

શિક્ષણ મહાસંઘના પ્રાંત મંત્રી ભાભલુભાઈ વરૂ, જિલ્લા પ્રાથમિક મહાસંઘના અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, માધ્યમિકના ઉપપ્રમુખ કિશોરભાઈ વરૂ, ઉચ્ચત્તર વિભાગના મહામંત્રી મનિષભાઈ અગ્રાવત સહિતનાં આગેવાનો જોડાશે.

### પાના ૧ ઉપરનું ચાલું કોવાયામાં સિંહણે માનવ જીંદગીનો

પાંજરે પુરવા અથવા ટ્રેક કરવા માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોમાં સિંહોના માનવ પરના હુમલાની વધતી ઘટનાઓને લઈને વન વિભાગની મુશ્કેલીઓમાં વધારો થયો છે. એક પછી એક બનતી આવી ઘટનાઓને કારણે ગ્રામજનોમાં રોષ અને ચિંતા બંને જોવા મળી રહ્યા છે. હવે વન વિભાગ દ્વારા આ પ્રકારની ઘટનાઓ રોકવા માટે કયા પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

### પાના ૮ ઉપરનું ચાલું બગસરા નગરપાલિકાની

પબ્લિસિટી મેળવવા માટે ઉત્સાહભેર ફોટોસેશન પણ કરાવ્યું હતું, જે હવે ચર્ચાનો વિષય બન્યું છે. આ ઘટનાને પગલે બગસરાના જાગૃત નાગરિકો અને કરદાતાઓમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયા અને લોકચર્ચામાં સવાલો ઉઠાવી રહ્યા છે.જે સરકારી નાણાં અને સાધનોનો ઉપયોગ જાહેર રસ્તાઓ, ગટરો અને પાણીના નિકાલની વ્યવસ્થા ચોખ્ખી કરવા માટે થવો જોઈએ, તેનો દુરૂપયોગ ખાનગી મિલકતો ચમકાવવા માટે કેમ કરવામાં આવી રહ્યો.

### પાના ૮ ઉપરનું ચાલું ચલાલાનાં ફકીરવાડા વિસ્તારમાં

અડવાણીનાં રહેણાક મકાનનાં આગળનાં ભાગે આવેલ કોઈ અજાણ્યા ચોર ઈસમે લોખંડની ગ્રીલનુ તાળુ તોડી, ગેરકાયદેસર પ્રવેશ કરી તેમના રૂમમાં રહેલ લોખંડના કબાટનો લોકરમાં રહેલ સોનાનો ચેન ૨૨ કેરેટનો વજન ૫.૬૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૩૬,૧૬૫ તથા સોનાનું પેડલ તથા સોનાની કાનમાં પહેરવાની બુટી ૨૨ કેરેટનું કુલ વજન ૬.૬૮૦ ગ્રામ કિંમત રૂપિયા ૪૩,૨૨૧ તથા દિકરી નસરીનની સોનાની કાનમા પહેરવાની ૨૨ કેરેટની બુટી વજન આશરે ૨ ગ્રામની જેની કિંમત આશરે રૂા. ૮૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૮૭,૩૮૬ મત્તાની ચોરી કરી લઈ ગયાની ચલાલા પોલીસમાં ફરિયાદ નોંધાતા ચોરીનો ભેદ ઉકેલવા પોલીસે તપાસ હાથ ધરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું આંબા ગામેથી જુગાર રમતાં

જાહેરમાં હાથબત્તીના અંજવાળે હારજીતનો જુગાર રમતા કુલ ચાર ઈસમોને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરવા આવેલ છે જાહેરમાં જુગાર રમતા પકડાયેલ આરોપી (૧) સદામભાઈ ઉર્ફે કાળુ મહેબુબભાઈ ચૌહાણ રહે. આંબા, (૨) ફુલાભાઈ છગનભાઈ નાકરાણી રહે– આંબા, (૩) ચતુરભાઈ જાદવભાઈ ખંખાળ રહે– આંબા, (૪) ભરતભાઈ કાળુભાઈ માવાણી રહે– આંબાને ૧૪૩૭૦/– ના મુદા માલ સાથે ઝડપી પાડેલ આમ આ કામગીરી લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. એમ.એમ. ચૌહાણ તથા પો.કોન્સ. વિજયભાઈ લાલુ તથા પો.કોન્સ. નારણભાઈ બાવડા તથા પો.કોન્સ. અંકિતભાઈ ચૌહાણ તથા પો.કોન્સ. દિપકભાઈ ગોહીલ તથા લીલીયા પોલીસની ટીમ દ્વારા કરવામા આવેલ.

### પાના ૮ ઉપરનું ચાલું પોલીસ પાર્ટી ઉપર હુમલો

સબંધીઓએ એક સંપ કરી, ગેરકાયદેસર મંડળી રચી, પોલીસ સ્ટાફ ઉપર છુટ્ટા પથ્થરોના ઘા કરી તેમજ લાકડીઓ ધારણ કરી પોલીસ સ્ટાફ ઉપર હુમલો કરી, પોલીસ સ્ટાફ તથા પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હડીયા તથા અક્ષયભાઈ મોરી તથા ચંપુભાઈ પોપટ તથા ૧૧૨ ના રવિભાઈને ઈજાઓ કરી હતી. આ ભોગ બનનારા દેવશીભાઈને છોડાવવા જતાં આરોપીઓએ પોલીસનો રસ્તો રોકી, ગેરકાયદે અવરોધ કરી, પોલીસ સ્ટાફને ગાળો આપી, પતાવી દેવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી.

આ બનાવમાં પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનના ચાંચ આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ. મગનભાઈ વિહાભાઈ ઢાપાએ ગુન્હો કરેલ હોય, આરોપી ધીરૂભાઈ શિયાળ સહિત આશરે પચાસેક જેટલા અજાણયા સ્ત્રી પુરૂષો સામે પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### ખેડૂતોમાં હિતમાં કિસાન મોરચાની પહેલ

# અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાનાં પ્રમુખે નર્મદાનું પાણી છોડવા કરી માંગ

## ખેડૂતોની લાગણીઓને ધ્યાને લઈ નહેરનું કામ ઝડપથી પૂર્ણ કરો

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાના ખેડૂતો તેમજ સમગ્ર જિલ્લાના ખેડૂતો સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે અને ખેતીકારોને હાલની પરિસ્થિતિમાં રાહત મળે તે હેતુસર અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા નર્મદા યોજનાના પાણી ખેડૂતો સુધી પહોંચાડવા માટે ઉચ્ચ કક્ષાએ અસરકારક રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં નર્મદા નહેરના કેટલાક વિસ્તારોમાં રીપેરીંગ અને જાળ વણીની કામગીરી ચાલી રહી છે. જોકે ખેડૂતોની લાગણી અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી મુકેશભાઈ ખોખરીયાએ જણાવ્યું છે કે રીપેરીંગ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તો નર્મદાનું પાણી છોડવામાં આવે અને તેનો સીધો લાભ જિલ્લાના હજારો ખેડૂતોને મળી શકે.

ખેડૂતો તરફથી મળતી સતત રજૂઆતોને ધ્યાને લઈ તેમણે રાજય સરકારના ઊર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી–બાબરા – દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તેમજ અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા સમક્ષ પણ રજૂઆત કરી છે. ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ નેતાઓએ આ બાબતને ગંભીરતાથી લઈ યોગ્ય સ્તરે રજૂઆત કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે.

ખેડૂતોના હિત માટે સતત કાર્યરત ભાજપ કિસાન મોરચા દ્વારા કરવામાં આવેલી આ પહેલને ખેડૂતોમાં સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. વરસાદી મોસમ પૂર્વે નર્મદાનું પાણી ઉપલબ્ધ બનશે તો ખેતીકારોને વાવેતરની તૈયારીમાં મોટી રાહત મળશે અને કૃષિ ઉત્પાદનને પણ વેગ મળશે.

જિલ્લાના ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી મળે તે માટે ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવતી સતત રજૂઆતો ખેડૂતો અને સરકાર વચ્ચેના સેતુરૂપ કાર્યનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. ખેડૂતોના પ્રશ્નોના ઝડપી અને હકારાત્મક નિરાકરણ માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું પણ આગેવાનોએ જણાવ્યું હતું.

### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

# બાબરા પોલીસે ગુમ થયેલ મોબાઈલ શોધી મુળ માલીકને પરત કર્યો

## પોલીસની કામગીરીથી શહેરીજનોમાં આનંદની લાગણી

બાબરા, તા. ૧૬

રાજય પોલીસ તંત્ર દ્વારા અમલમાં મૂકાયેલા ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશને વધુ એક સરાહનીય કામગીરી કરી ગુમ થયેલો મોબાઈલ શોધી તેના મૂળ માલીકને પરત આપતા પોલીસ પ્રત્યે જનવિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમારની રાહબરીમાં ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સની મદદથી બાબરાના આંબેડકર નગર વિસ્તારમાં રહેતા નરેશભાઈ કાળાભાઈ સરવૈયાનો ગુમ થયેલો VIVO Y-19e મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦) શોધી કાઢવામાં સફળતા મળી હતી. આ મોબાઈલ તા. ૨૨/૨/૨૬ના રોજ ઘરેથી દુકાને જતા




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

માર્ગમાં કયાંક ગુમ થયો હતો. પોલીસ ટીમે સતત પ્રયાસો બાદ મોબાઈલ શોધી તેના મૂળ માલીકને પરત સોંપ્યો હતો.

પોતાનો કિંમતી મોબાઈલ પરત મળતા નરેશભાઈએ બાબરા પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. પોલીસની આ કામગીરીએ સામાન્ય નાગરિકોમાં સુરક્ષા અને વિશ્વાસની લાગણી વધુ મજબૂત બનાવી છે.

### પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં ખેરા ગામનો યુવક

દીકરીના ઘરે આવી આધેડનું મોટર સાયકલ ઉપર બળજબરીથી આરોપી તેમની સાથે ખેરા ગામે ધીરૂભાઈનાં ઘરે લઈ જઈ તમામ આરોપીએ વારા ફરતી આધેડને ઢીકાપાટુનો માર મારી ગાળો આપી મારી નાખવાની ધમકી આપેલ અને બાદમાં આધેડને દોરડાથી આરોપી ધીરૂભાઈના ઘરે રાવણાનાં ઝાડ સાથે આધેડને દોરડાથી બાંધી વારા ફરથી આડેધડ શરીરે ઢીકાપાટુનો માર મારી ગાળો આપેલ હતી. બાદમાં આરોપી ગીગાભાઈ શિયાળના પત્ની તથા બીજા અજાણ્યા ત્રણ બહેનો તથા છ અજાણ્યા પુરૂષો જે ધીરૂભાઈનાં સગા લોકો પણ ધીરૂભાઈનાં ઘરે આવી ગયેલ અને ઢીકાપાટુનો માર મારી આ બહેનોએ મને જેમ ફાવે તેમ ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

## અવસાન નોંધ

**અમરેલી :** સૌરાષ્ટ્ર ત્રિવેદી બ્રાહ્મણ જ્ઞાતિનાં બિપિનચંદ્ર હરીકૃષ્ણભાઈ પંડયા (ઉ.વ. ૬૬, નિવૃત ASI) તે ગૌતમભાઈ, પ્રિતીબેન વિપુલકુમાર થાનકી (ભાણવડ), આરતીબેન કૃણાલકુમાર ત્રિવેદી (ઉપલેટા)નાં પિતાશ્રી, સ્વ. સુરેશભાઈના નાના ભાઈ, સાગરભાઈનાં કાકા, સ્વ. નવલભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. પ્રવિણભાઈનાં ભત્રીજા તા. ૧૩ને શનિવારનાં રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮/૬/૨૬ને ગુરૂવારના રોજ રામેશ્વર મંદિર, બ્રાહ્મણ સોસાયટી, લાઠી રોડ, અમરેલી ખાતે સાંજે ૫ થી ૭ રાખેલ છે.

### એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૪૫/૨૦૨૬

**અરજદાર :** શ્રી અનવરભાઈ હુસેનભાઈ મજીઠીયા
રહે. ખત્રીવાડ, જુમ્મા મસ્જીદ, અમરેલી, તા/જી.અમરેલી

:: વિરૂદ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **અનવરભાઈ હુસેનભાઈ મજીઠીયા તેમના કાકાના પુત્ર વાહીદ દાઉદ મજીઠિયાનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૮)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. 0૪–૦૫–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(કે.કે. દવે)
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર વર્ષાબેન એમ. ગોહીલ (એડવોકેટ) તે અમારા અસીલ **અલ્પાબેન સંજયભાઈ વામજા** રે. બાબરાવાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરૂ છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે– બાબરા ગામે **અમરશાષિ સોસાયટી**માં આવેલ રહેણાંક હેતુ માટે મકાન આવેલ છે. અને તથા તેમની સીટી સર્વે નં. **NA363N2/35/1** પૈકી કે જેનુ ક્ષેત્રફળ ચોરસ મીટર **૧૨૫.૪૩** છે. તથા પ્લોટ નં.: **૩૫/૧** અને આ મિલ્કત નગરપાલીકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નંબર :– **10079809/1** ઉપર નોંધાયેલ છે. આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં :– **753/2023** થી **બટુકભાઈ ધનજીભાઈ વામજા** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીલ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.– બાબરા માંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી. / ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કત માં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો તેમજ હીત સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત) માં લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહીં અને તેમણે પોતાના તમામ હકક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાની ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળ થી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહીં, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદબાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તારીખ: ૧૭/૦૬/૨૦૨૬
સ્થળ : બાબરા
મોટા બસ સ્ટેશન સામે મહાકાલેશ્વર મંદિર સામે,
બાબરા, તા. બાબરા, જી. અમરેલી.

અસીલની સુચના અને ફરમાઈશથી
**વર્ષાબેન એમ. ગોહીલ**
મો. ૯૯૨૫૯ ૯૪૪૮૮

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૨૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૩૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૪૫૦ |
| ૫ | તલ કાળા | ૨૮૫૦ | ૩૬૩૦ |
| ૬ | જીરૂ | ૨૯૪૦ | ૩૩૫૦ |
| ૭ | ચણા | ૧૧૧૦ | ૧૧૪૫ |
| ૮ | ઘઉં | ૪૨૫ | ૪૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૮૫ | ૧૫૨૫ |
| ૨ | શિંગ મોટી | ૭૭૦ | ૧૬૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૨૦ | ૧૮૬૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૭૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૩૭૦ | ૨૬૫૦ |
| ૬ | તલ કાળા | ૨૧૩૦ | ૩૭૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૫૦ | ૨૩૭૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૫૩૦ | ૮૮૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૦૫ |
| ૧૨ | મગ | ૧૨૧૫ | ૧૭૪૫ |
| ૧૩ | અડદ | ૮૫૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૧૫૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૪૦ | ૧૧૭૦ |
| ૧૬ | છોલે ચણા | ૮૦૦ | ૧૪૫૦ |
| ૧૭ | ચોળી | ૮૭૦ | ૮૭૦ |
| ૧૮ | તુવેર | ૯૦૦ | ૧૩૨૫ |
| ૧૯ | કપાસ | ૯૭૦ | ૧૮૮૦ |
| ૨૦ | એરંડા | ૧૦૪૫ | ૧૨૯૫ |
| ૨૧ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૫ |
| ૨૨ | રાયડો | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ૨૩ | રાય | ૧૨૮૫ | ૧૫૦૫ |
| ૨૪ | ધાણા | ૨૩૨૦ | ૨૩૨૦ |
| ૨૫ | ધાણી | ૧૭૯૦ | ૨૪૬૫ |
| ૨૬ | અજમા | ૨૪૨૦ | ૨૬૦૦ |
| ૨૭ | મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨૮ | સોયાબીન | ૧૦૮૦ | ૧૩૪૦ |
| ૨૯ | રજકાનુ બી | ૬૭૦૦ | ૭૯૨૫ |
| ૩૦ | કલોંજી | ૨૬૨૫ | ૨૬૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૯૦ | ૧૨૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૫૭ |
| ૩ | ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ૪ | તુવેર | ૧૧૦૫ | ૧૪૬૦ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૫૨૫ |
| ૬ | મગ | ૧૦૯૫ | ૧૬૫૦ |
| ૭ | તલ સફેદ | ૨૩૨૫ | ૨૩૮૦ |
| ૮ | તલ કાળા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ૯ | એરંડા | ૧૧૯૦ | ૧૨૩૦ |
| ૧૦ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૮૦ |
| ૧૧ | રાઈ | ૧૪૩૦ | ૧૪૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૪૦ | ૧૪૭૬ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૨ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૨૧ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૮૩૦ |
| ૭ | કપાસ | ૧૫૫૦ | ૧૮૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૫૦ | ૧૦૬૦ |
| ૧૨ | મગ | ૧૪૫૦ | ૧૬૯૦ |
| ૧૩ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૧૬ | તુવેર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૨૦ | ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |
| ૨૧ | સોયાબીન | – | ૧૩૦૦ |
| ૨૨ | રજકા બીજ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| ૨૩ | ચોળી | ૧૨૦૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૮ | ૪૫૩ |
| ૩ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૪૫૪ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૧૨ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૮ | ધાણા | ૨૪૩૦ | ૨૪૩૦ |
| ૯ | રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૧૧ | સોયાબીન | ૧૩૦૦ | ૧૩૮૧ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૨૦ |
| ૧૩ | શીંગ દાણા | ૧૨૪૦ | ૧૮૩૮ |
| ૧૪ | લસણ | ૯૪૦ | ૯૪૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૧૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૩૫૨ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૧ | ૨૪,૧ |
| ૩ | તલ કાળા | ૨૨૨૨ | ૩૦૫૦ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૭૮૧ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૭ | ૪૬૭ |
| ૭ | જુવાર | ૫૩૧ | ૧૧૪૧ |
| ૮ | મકાઈ | ૪૨૬ | ૪૨૬ |
| ૯ | મગ | ૧૫૫૧ | ૧૬૯૦ |
| ૧૦ | અડદ | ૧૨૭૬ | ૧૬૭૫ |
| ૧૧ | તુવેર | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ૧૨ | ચણા | ૯૮૧ | ૧૩૦૦ |
| ૧૩ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

### મુકબધીર સેવા ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીની બહેરા-મૂંગા શાળાનાં ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતીની બેઠક યોજાઇ

## દિવ્યાંગોને વધુમાં વધુ લાભ આપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ

અમરેલી, તા. ૧૬

અમરેલી મૂકબધિર સેવા ટ્રસ્ટ સંચાલિત બહેરાં મૂંગા શાળાના ટ્રસ્ટીઓ અને વ્યસ્થાપક સમિતિના સભ્યોની એક બેઠક તારીખ ૧૧/૬/૨૬ના રોજ મળી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ નવા વર્ષના વિવિધ આયોજનો અને સમગ્ર અમરેલી જિલ્લાના દિવ્યાંગો સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનો લાભ વધુમાં વધુ પ્રમાણમાં મેળવે એ હતો. આ અનુસંધાને સંસ્થાના શિક્ષકો દ્વારા વેકેશનમાં દિવ્યાંગ બાળકોના વાલીઓનો સંપર્ક કરી તેનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવેલ.



સંસ્થાની નિઃ શૂલ્ક સેવાકીય પ્રવૃત્તિનો લાભ સમાજની દીકરીઓને મળી રહે એ અર્થે કન્યા છાત્રાલયમાં નવા ૧૦ રૂમનું બાંધકામ પણ કરાવેલ છે જેથી માત્ર અમરેલી જિલ્લાના જ નહીં પણ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના મૂકબધિર દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ કરી શકાય. આ તકે સંસ્થાના પ્રમુખ મલયભાઈ મંગળદાસ મહેતા પણ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં હવે પછીના આયોજન અંગે ચર્ચા થઈ હતી અને વિવિધ દિશાસૂચન કરાયા હતા. ખાસ કરીને બહેરાં મૂંગા બાળકોને સંસ્થામાં લાવી શિક્ષણ, તાલીમ અને સંસ્કાર ઘડતરનું કામ કરવાનું વિચારાયું એ માટે વાલીઓને જાગૃત કરવાનું વિચારાયું.

### તબીબ વગરનુ બિલ્ડિંગ શુ કામનુ રહેશે

# ધારીની અદ્યતન સિવિલ હોસ્પિટલમાં તબીબોની જગ્યાઓ જ ખાલી જોવા મળે

## આરોગ્ય ક્ષેત્રમાં સુવિધા વધારવામાં સરકાર ઉદાસીન

અમરેલી, તા. ૧૬

ગીર વિસ્તારના ગામડાઓથી લઈ અને ધારી શહેરના દર્દીઓ માટે કે જયાં ખખડધજ બિલ્ડીંગની જગ્યાએ અદ્યતન સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે. અને જરૂરી પાયાની પ્રાથમિક સારવાર ઉપલબ્ધ શરૂ કરવામાં આવી છે. ડો. અમીત રાઠોડ, ડો. સાવલીયા, ડો. રંગપરીયા સહીત નર્સિંગ વિવેકી સ્ટાફ દ્વારા વખાણવા લાયક આરોગ્ય લક્ષી સેવાઓ આપવામાં આવતી હતી. તાલુકાભરના હજારો લોકો માટે આશાનું કિરણ બનેલી ધારીની સિવિલ હોસ્પિટલ કે જયાં દર્દીઓનો ઘસારો વધવા લાગેલ હતો. ગરીબ જરૂરીયાતમંદ દર્દીઓને ઉચ્ચ સારવાર મફતમાં મળવા લાગી હતી. સભર્ગા મહીલાઓની નોર્મલ તેમજ સીઝર સારવાર પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.





પરંતુ આખરે ધારી સિવિલ હોસ્પિટલનું અદ્યતન સુવિધાઓ સજ્જ બિલ્ડીંગ ફરી પાછું ડોકટરો વિહોણું બની જવાને આરે પહોંચી ગયેલ છે. ડો. સાવલીયાએ ધારીની સિવિલ હોસ્પિટલ ખાતેથી રાજીનામું આપી દઈ અને પોતાની પ્રાઈવેટ હોસ્પિટલ શરૂ કરેલ છે. જયારે ડો. રંગપરીયા પણ પોતાના બોન્ડ પુરા થવામાં છે.

જયારે છેલ્લા એકાદ વર્ષ દરમિયાન અનેક જીંદગીને બચાવનાર, અનેક સભર્ગા મહીલાઓને નોર્મલ તેમજ સીઝર સારવાર આપનાર ડો. અમીત રાઠોડ પણ ૧૮ના રોજ આ સિવિલ હોસ્પિટલને છોડી જવાના છે. ત્યારે ધારી સિવિલ હોસ્પિટલમાં ખાલી પડેલી જગ્યાઓ પુરાશે કે પછી ભુતકાળના દિવસોનું પુનરાવર્તન ગરીબ લાભાર્થીઓ થવાનું હશે.

ધારી સિવિલ હોસ્પિટલને ડોકટરો વિહોણું જોવા ના માંગતા જાગૃત નાગરિકો, સામાજિક સંસ્થાઓના આગેવાનો, સત્તાસ્થાને બેઠેલા ચુંટાયેલા પ્રતિનિધિઓ, વિરોધ પક્ષ સાથે જોડાયેલા આગેવાનો સિવિલ હોસ્પિટલ મુદે ઉચ્ચ રજુઆત કરશે કે પછી ચુંટણી સમયે મતદારોને રિઝવવા માટે ચુંટણી પુરતા દેખાશે તેવા વેધક સવાલો લોકો કરી રહેલા છે ?

અત્રે ઉલ્લેખનીય છે કે અદ્યતન સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસ સારવાર, બ્લડ સ્ટોરેજ સુવિધા, એકસરે સુવિધા સહિત વિવિધ માંગણીઓ કરવામાં આવી રહેલ છે. એવા સમયે એક જ સપ્તાહમાં એક પછી એક ત્રણ ત્રણ ડોકટરોની જગ્યાઓ જયારે ખાલી થઈ રહેલ છે. ત્યારે સ્થાનિક નેતાઓ ધારીના નાગરીકોના હક માટે ઉચ્ચ રજુઆત કરશે કે પછી વિકાસરૂપી બણગાંઓ ફોડીને પ્રજાના સાચાં સેવક તરીકેનો રાજધર્મ અપનાવશે ?

### સરકારની યોજનાઓનો લાભ છેવાડાનાં માનવી સુધી પહોંચાડવા

# બાબરાનાં કરિયાણા ગામે ધારાસભ્ય તળાવીયાની ઉપસ્થિતિમાં જનકલ્યાણ શિબિર યોજાઈ

## લાભાર્થીઓને સ્થળ પર જ યોજનાઓનાં મંજુરી હુકમો અર્પણ, ગ્રામજનો સાથે સીધો સંવાદ

બાબરા, તા.૧૬

બાબરા તાલુકાના કરિયાણા ગામે રાજય સરકારના જનહિતલક્ષી અભિગમને વધુ મજબૂત બનાવતી જનકલ્યાણ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાઠી – બાબરા – દામનગર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ઉપસ્થિત રહી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાંધ્યો હતો અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

શિબિર દરમિયાન ધારાસભ્યએ ઉપસ્થિત લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ સહાયકારી અને જનહિતલક્ષી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા. સાથે જ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરી લાભાર્થીઓને યોજનાઓનો લાભ સરળતા,પારદર્શિતા અને સમયસર મળી રહે તે માટે જરૂરી સૂચનો પણ આપ્યા હતા.આ અવસરે અનેક લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના મંજૂરી હુકમો તથા સહાયના પત્રો ધારાસભ્યના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

લાભાર્થીઓના ચહેરા પર જોવા મળેલી ખુશી રાજય સરકારની લોકકલ્યાણકારી નીતિઓની સફળતાનું જીવંત પ્રતિબિંબ બની હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા પંચાયત સભ્ય અમરશીભાઈ વાઘેલા, જિલ્લા પંચાયત સભ્ય હિતેશભાઈ કલકાણી, જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, નાયબ મામલતદાર એ.વી.મકવાણા, તાલુકા વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સ્થાનિક ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા પંચાયતના સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.જનકલ્યાણ શિબિર માત્ર સરકારી યોજનાઓના વિતરણનો કાર્યક્રમ ન બની રહેતાં સરકાર અને જનતા વચ્ચેના સેતુરૂપ સંવાદનું માધ્યમ બની હતી. છેવાડાના માનવી સુધી વિકાસ અને કલ્યાણના લાભો પહોંચાડવાના રાજય સરકારના સંકલ્પને આ શિબિરે વધુ એક વખત સાકાર કર્યો હતો.

### અમેરિકા સ્થિત માનપુર પરિવાર દ્વારા

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને ૫૧ હજારનુ અનુદાન

## વાળા પરિવારનુ પ્રશંસનીય કાર્ય

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં નિરાધારનો આધાર ગણાતા સારહિ તપોવન આશ્રમને માનપુર હાલ અમેરિકા સ્થિત દેવેન્દ્રભાઈ વાળા અને સુરેન્દ્રભાઈ વાળા તરફથી રૂપિયા ૫૧ હજારનુ અનુમાન સત્યદેવ વાળા હસ્તક સારહિ યુથ કલબનાં ખજાનચી સુરેશભાઈ શેખવાને ચેક અર્પણ કરવામાં આવેલ અને આશ્રમમાં સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી અને તેમની ટીમને શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી.

# વડેરા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણ અપાયું



અમરેલી, તા.૧૬

વડેરા પ્રાથમિક શાળા વડેરા ખાતે જૂન માસ એટલે કે મેલેરીયા વિરોધી માસ અંતર્ગત ધોરણ ૧ થી ધોરણ ૮ ના બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા ફેલાવવાના કરણો તેને અટકાવવા ના ઉપાયો વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. તથા ગપ્પી ફીશ ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી.રાજયગુરૂ, કે.બી.દુધાત, બીલકીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ, પ્રાથમિક શાળાના આચાર્ય નિતીનભાઈ જાની અને પ્રાથમિક શાળાના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ.

# અમરેલીનાં એડવોકેટ જે.આર. વાળાએ સોનુ સુદનુ કર્યુ સન્માન



અમરેલી, તા. ૧૬

અમરેલીનાં જાણીતા એડવોકેટ જે.આર. વાળાએ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ઉપસ્થિત સુપ્રસિધ્ધ ફિલ્મી સ્ટાર અને સેવાભાવી સોન સુદનુ તેમની તસ્વીર ભેર કરીને સન્માન કર્યુ હતું. તે વેળાની તસ્વીર.

# અમરેલી જિલ્લામાં તા.૩૦ જુન સુધી હથિયારબંધી

અમરેલી,તા.૧૬

જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતી અને આગામી સમયમાં મોહરમના તહેવારની ઉજવણીને ધ્યાને લઈને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ – શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ કલમ – ૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૧૬–૬–૨૦૨૬ થી તા ૩૦– ૬–૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા – સરઘસ હથિયારબંધી રહેશે.

જિલ્લામાં સંબંધિતસબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી – પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી – કર્મચારીને કે શારીરિક અશકત વ્યક્તિઓને, વરઘોડા કે સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ કલમ – ૧૩૧ અને કલમ – ૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સદ્ભાવના ગ્રૂપના સંયુક્ત ઉપક્રમે

# સા.કુંડલામાં સાંસ્કૃતિ સૂર રેલાયો : 'સ્મિતનું સરનામું' કાર્યક્રમમાં કલાકારોની અદભૂત પ્રસ્તુતિ

## રાજકીય–સામાજિક અગ્રણીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

સાવરકુંડલા, તા.૧૬

આજની ભાગદોડભરી જિંદગીમાં માણસ જયાં પોતાના સ્મિતને કયાંક ખોઈ બેઠો છે, ત્યારે એ ખોવાયેલા સ્મિતને પુનઃ શોધવાનો અને માનવીય સંવેદનાઓને જગાડવાનો એક સુંદર પ્રયાસ સાવરકુંડલાની પવિત્ર ધરા પર કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના વિશેષ સહયોગથી અહીંના ખંતિલા ' સદ્દભાવના ગ્રુપ' દ્વારા સ્મિતનું સરનામું નામના એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહેતા સ્મિત, સંવેદના અને ભારતીય સંસ્કૃતિનો સુંદર સંગમ બની રહ્યો હતો. કાર્યક્રમમાં આમંત્રિત કલાકારોએ પોતાની અદભૂત અને હૃદયસ્પર્શી રજૂઆતો દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કલાકારોની પ્રત્યેક પ્રસ્તુતિએ સમાજમાં સકારાત્મકતા, આપસી સંવાદિતા અને વિસરાતા જતા માનવીય મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનું પ્રશંસનીય કામ કર્યું હતું.

આ યાદગાર સાંસ્કૃતિક સંધ્યાને વધાવવા માટે સાવરકુંડલા શહેરના વિવિધ રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તથા મહાનુભાવોએ ખાસ હાજરી આપી હતી. તમામ ઉપસ્થિત મહેમાનોએ કલાકારોની કલાને બિરદાવી હતી અને આવા ઉત્કૃષ્ટ આયોજન બદલ ખુશી વ્યકત કરી હતી.

આજના સમયમાં જયારે વૈશ્વિક સ્તરે યુધ્ધોન્માદ અને માનસિક તણાવનું વાતાવરણ જામ્યું છે, ત્યારે આવા સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજ માટે થોડી ક્ષણોની રાહત અને સકારાત્મક વિચારો પૂરા પાડતા ઉર્જાના કેન્દ્ર સ્થાનો સાબિત થાય છે. આ કાર્યક્રમે લોકોને રોજિંદી ચિંતાઓથી દૂર કરી એક નવી માનસિક ઉર્જા પૂરી પાડી હતી.

કાર્યક્રમને દરેક સ્તરે સફળ અને ભવ્ય બનાવવા માટે સદ્ભાવના ગ્રુપના તમામ સભ્યો દ્વારા રાત – દિવસ ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. યોગ્ય વ્યવસ્થાપન અને સુંદર આયોજનના કારણે સમગ્ર કાર્યક્રમ ભારે લોકપ્રિય બન્યો હતો. ગ્રુપની આ મહેનત અને કલાકારોના અદભૂત કેશલ્યને કારણે સમગ્ર પંથકમાંથી આયોજકો પર હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

### વેપારીઓ પાણીમાં ધુબાકા મારવા તૈયાર

# અમરેલીનાં કરિયાણા એસોસીયશન દ્વારા રવિવારે ''વોટરપાર્ક''નો પ્રવાસ કાર્યક્રમ

## સવારનાં ૬ કલાકે ડો. જીવરાજ મહેતા ચોકથી પ્રસ્થાન

અમરેલી, તા. ૧૬


અમરેલી કરિયાણા એસોસીએશન દ્વારા આગામી ૨૧ જૂનને રવિવારે એકવાટિક વોટરપાર્કનાં પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

એક દિવસીય પ્રવાસમાં શહેરના વેપારીઓ જોડાશે. સવારે ૬ કલાકે ડો. જીવરાજ મહેતા ચોકમાંથી યાત્રા પ્રવાસનો પ્રવાસ થશે. વધુ વિગત માટે એસોસીએશનનાં અગ્રણી ચત્તુરભાઈ પટેલનો સંપર્ક કરવા જણાવાયુ છે.

### સપનાઓને સાકાર કરવાની જિદઃ કૌશલ્ય વિકાસ થકી

# બગસરાનાં સમઢિયાળા ગામના વતની નવયુવાન સુમિત સાવલિયા બન્યા કરોડપતિ

## રૂા. ૩ કરોડ સુધીના વાર્ષિક ટર્નઓવર સાથે સફળ વ્યવસાયી બનવાની સફર



અમરેલી, તા. ૧૬

સામાન્ય રીતે એવી માન્યતા છે, કે મોટી ડિગ્રી મેળવ્યા વિના જીવનમાં મોટી સફળતા હાંસલ કરવી મુશ્કેલ છે, પરંતુ બગસરા તાલુકાનાં સમઢિયાળા ગામના વતની અને હાલમાં અમદાવાદમાં સ્થાયી થયેલ સુમિત આર. સાવલિયાએ પોતાની મહેનત, કૌશલ્ય અને આત્મવિશ્વાસના બળે આ માન્યતાને ખોટી સાબિત કરી છે ! માત્ર ધોરણ ૧૦ પાસ કર્યા બાદ અને અમરેલી આઈ.ટી.આઈ. માંથી અભ્યાસ પૂર્ણ કરીને આજે તેઓ "ઈલેકટ્રોનિકસ વર્લ્ડ" નામની સફળ કંપનીના માલિક બન્યા છે, આ કંપનીનું આજે વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂા. ૩ કરોડ સુધી પહોંચ્યું છે.

સુમિતભાઈએ વર્ષ ૨૦૦૫માં આઈ.ટી.આઈ. માંથી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ દરમિયાન મળેલા વ્યાવહારિક જ્ઞાન અને સંસ્થાના માર્ગદર્શનથી તેમને કારકિર્દીની નવી દિશા મળી. સંસ્થા ખાતે કેમ્પસ ભરતી મેળામાં તેમના ઈન્સ્ટ્રકટર અશોકભાઈ ઝાલાવાડિયાના માર્ગદર્શન હેઠળ તેમની પસંદગી અમદાવાદ સ્થિત વેસ્ટર્ન એ.સી રેફ્રિજરેશન પ્રાઈવેટ લિમિટેડમાં એપ્રેન્ટિસ તરીકે થઈ હતી. આ તક તેમના જીવનમાં મહત્વનો વળાંક સાબિત થઈ !

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૦૬માં સુમિતભાઈએ ગોદરેજ કંપનીમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. સતત પાંચ વર્ષ સુધી તેમણે નિષ્ઠાપૂર્વક અને ખંતથી કામગીરી કરી. તેમની કાર્યકુશળતા અને સમર્પણને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૧માં ગોદરેજ કંપનીએ તેમને અમદાવાદ શહેર માટે "ડાયરેકટ સર્વિસ પાર્ટનર" બનવાની મહત્વપૂર્ણ તક આપી. તેમની ઉત્તમ કામગીરી અને વિશ્વસનીયતાના આધારે બાદમાં પેનાસોનિક જેવી આંતરરાષ્ટ્રીય કંપનીએ પણ તેમને પોતાના ડાયરેકટ સર્વિસ પાર્ટનર તરીકે પસંદ કર્યા. આ સિદ્ધિઓએ તેમને સફળ ઉદ્યોગસાહસિક તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી.

આજે સુમિતભાઈની "ઈલેકટ્રોનિકસ વર્લ્ડ" કંપનીમાં અંદાજે ૫૦થી ૬૦ કુશળ એન્જિનિયરો કાર્યરત છે. શૂન્યમાંથી પોતાની ઓળખ ઉભી કરનાર આ યુવાન માત્ર સફળ વ્યવસાયી જ નથી, પરંતુ અનેક યુવાનો માટે રોજગારીનું મહત્વપૂર્ણ માધ્યમ પણ બન્યા છે. તેમના પ્રયાસોથી અનેક પરિવારોને રોજગાર અને આત્મનિર્ભરતાની નવી રાહ મળી છે.સુમિતભાઈએ જણાવ્યું કે, આઈ.ટી.આઈ. માં મળેલું પ્રેકિટકલ જ્ઞાન, ગુરૂજનોનું માર્ગદર્શન અને સતત મહેનતના કારણે જ હું આજે આ મુકામ સુધી પહોંચી શકયો છું. તેમની આ પ્રેરણાદાયી સફર સાબિત કરે છે, કે સફળતા માટે માત્ર ઉચ્ચ ડિગ્રી જરૂરી નથી, પરંતુ કૌશલ્ય, સખત મહેનત અને યોગ્ય માર્ગદર્શન પણ એટલું જ મહત્વ ધરાવે છે.

આ નવયુવા ઉદ્યોગસાહસિકની સફળ યાત્રા આજના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. કૌશલ્યલક્ષી શિક્ષણ દ્વારા પણ જીવનમાં ઉચ્ચ શિખરો સર કરી શકાય છે, તેનું જીવંત ઉદાહરણ સુમિતભાઈએ પૂરૂં પાડયું છે. તેમની સફરએ સંદેશ આપે છે કે મહેનત, કૌશલ્ય અને આત્મવિશ્વાસ હોય તો કોઈપણ વ્યકિત પોતાના સપનાઓને સાકાર કરી શકે છે. સાથે પ્રેકિટકલ જ્ઞાન કારકિર્દી નિર્માણનું પાથેય બની શકે છે.

24/7 Emergency Services
GUVNL
• ગોળાના અને ગોઠણનાં (ઘુંટણ), રિપ્લેસમેન્ટનાં સર્જન
• મસલ/સ્નાયુ કાપ્યા વગર આગળ થી થતું ગોળો બદલવાનું રિપ્લેસમેન્ટ ઓપરેશન
• હિપ એ.વી.એન. (ગોળો સુકાઈ જવો)
• હિપ ફ્રેકચર (ગોળો અથવા થાપાનાં ભાગે ફ્રેકચર)
• હિપ આર્થેરાઈટિસ (ગોળાનાં ભાગે ઘસારો) તથા ઘુંટણ બદલવાનું ઓપરેશન તથા TKR અને THR પછી થયેલ ઈન્ફેકશન/પરૂની સારવાર
ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthopedics, F.I.J.R.
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## રાજુલાનાં ખેરા ગામે યુવક પ્રેમસબંધમાં યુવતીને લઈને નાસી જતાં યુવકનાં પિતાનું અપહરણ થયા બાદ

# અપહ્યુત વ્યકિતને છોડાવવા જતાં ટોળાનો પોલીસ પાર્ટી ઉપર હુમલો

**યુવતીનાં સગા-સબંધીઓએ યુવકનાં પિતાનું અપહરણ કરીને માર મારતાં હોય પોલીસ બચાવવા દોડી ગયેલ**

**યુવકનાં સગા-સબંધીઓમાં મોટેરાઓ, યુવાઓ અને મહિલાઓએ પોલીસ ઉપર કર્યો પથ્થરમારો**

**૫૦ જેટલા વ્યકિતઓએ લાકડીઓ વડે પીએસઆઈ સહિત પોલીસકર્મીઓ પર કર્યો હુમલો**

**પિપાવાવ મરિન પોલીસે અંદાજિત ૫૦ જેટલા વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી**






અમરેલી, તા. ૧૬

રાજુલા તાલુકાના ખેરા ગામે પ્રેમ સબંધ હોવાથી બંને ઘરેથી જતા રહેલા હોય તેમાં છોકરાના પિતાને છોકરીના કુટુંબીજનો અપહરણ કરી લઈ જતાં આ અપહ્યુત વ્યકિતને પોલીસ છોડાવવા જતાં ૫૦થી વધુ લોકોએ પોલીસ પાર્ટી ઉપર હુમલો કરી પોલીસ સબ ઈન્સપેકટર સહિતનાઓને ઈજા કરી પોલીસની ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજુલા તાલુકાના ખેરા ગામે રહેતા દેવશીભાઈ ગુજરીયાનો છોકરો તે જ ગામે રહેતા ધીરૂભાઈ શિયાળની છોકરી સાથે પ્રેમ સબંધ હોવાથી બંને ઘરેથી જતા રહેલ હોય, તેનું મનદુઃખ રાખી તે જ ગામે રહેતા ધીરૂભાઈ શિયાળ તથા તેમના ભાઈઓ કાનાભાઈ તથા ગીગાભાઈ તથા જીણાભાઈ તથા પ્રદીપ રાણાભાઈ ગુજરીયા તથા કાળુભાઈ ભીખાભાઈ શિયાળ તથા ધીરૂભાઈના ભાઈઓના દીકરાઓ દ્વારા દેવશીભાઈ ગુજરીયાનું હિંડોરણા ખાતેથી અપહરણ કરી, ખેરા ગામે ધીરૂભાઈના ઘરે લઈ આવી અને તેને માર મારતા હતાં તે વખતે પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ચાંચ આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ. મગનભાઈ વિહાભાઈ ઢાપા તથા પોલીસ સ્ટાફ આ ભોગ બનનાર દેવશીભાઈને છોડાવવા ત્યાં ખેરા ગામે જતાં ત્યાં આરોપી ધીરૂભાઈ તથા તેમના ભાઈઓ તથા તેમના ભાઈઓના દીકરાઓ તથા તેમના ઘરની મહિલાઓ તથા તેમના

અનુસંધાન પાના ૬ ઉપર

### જાહેર જનતાના પૈસે ખાનગી પ્લોટની સફાઈ કરાવી

# બગસરા નગરપાલિકાની પ્રિ–મોન્સૂન કામગીરીને લઈને વિવાદ શરૂ થયો

**સદસ્યએ ફોટોસેશન કરાવતા શહેરીજનોમાં નારાજગી**

બગસરા, તા. ૧૬

ચોમાસાની ઋતુ નજીક આવતા જ બગસરા નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રિ–મોન્સૂન કામગીરીના ભાગરૂપે સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ આ સરકારી અભિયાન વિવાદોના વમળમાં ફસાયું છે. વોર્ડ નંબર ૨ના સ્થાનિક મહિલા સદસ્ય વીણાબેન દ્વારા નગરપાલિકાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને પ્રજાના ટેકસના પૈસે ખાનગી પ્લોટની સફાઈ કરાવી હોવાનો મામલો સામે આવતા સ્થાનિક રહિશોમાં ભારે નારાજગી અને આક્રોશ ફાટી નીકળ્યો છે. નગરપાલિકાના નિયમ મુજબ, શહેરમાં આવેલા કોઈપણ ખાનગી પ્લોટમાં ગંદકી હોય તો તેના માલિકને નોટિસ આપીને દંડ કરવાની અથવા ફરતી દીવાલ કરાવી લેવા આદેશ આપવાની કાયદેસરની જોગવાઈ છે. આમ કરવાને બદલે, વોર્ડ નંબર ૨ના સદસ્ય વીણાબેને પોતાના હોદાનો દુરૂપયોગ કરી, નગરપાલિકાના સરકારી સાધનો અને સફાઈ કામદારોને ખાનગી પ્લોટ સાફ કરવાના કામે લગાડી દીધા હતા. એટલું જ નહીં, આ સફાઈ દરમિયાન સદસ્યએ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા



અનુસંધાન પાના ૬ ઉપર

### અજાણ્યા ઈસમનું કારસ્તાન

# ચલાલાનાં ફકીરવાડા વિસ્તારમાં રૂમમાંથી સોનાનાં દાગીનાની ઉઠાંતરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૬

ચલાલા ગામે આવેલ ફકીરવાડા મીઠાપુર રેલ્વે ફાટક પાસે રહેતા અને ભંગારનો વ્યવસાય કરતાં ઈમરાનભાઈ ઉર્ફે બવાભાઈ ગનીભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયા મોટા નજીક આવેલ

# આંબા ગામેથી જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રૂપિયા ૧૪૩૭૦ પણ કબ્જે કરાયા**



અમરેલી, તા. ૧૬

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ લીલીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ચોક્કસ બાતમી હકીકતના આધારે આંબા ગામથી મોટા કણકોટ જતા રોડ ઉપર આવેલ જુનવાણી કારખાના પાછળ ખુલ્લી જગ્યાએ

અનુસંધાન પાના ૬ ઉપર

# ચિતલ રોડ ઉપરનું જર્જરિત પિકઅપ સ્ટેન્ડ હટાવો



અમરેલીનાં ચિતલ રોડ ઉપર દત્ત મંદિર સામે આવેલ પીકઅપ સ્ટેન્ડ જર્જરિત બન્યુ હોય પાલિકાનાં શાસકો દ્વારા માર્ગને અડીને આવેલ પીકઅપ સ્ટેન્ડને દૂર કરે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.


naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)